Sunday
01.09.2024
✳Volume :9 ✳ Issue No.45
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04 ✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં જિલ્લા ન્યાયતંત્રની રાષ્ટ્રીય પરિષદનું ઉદઘાટન કર્યું

ભારતના ૧૪૦ કરોડનાગરિકોનું આઝાદી કા અમૃત કાલ – વિકસિત ભારત, ન્યૂ ઇન્ડિયામાં એક જસપનું છે

ભારતની સર્વોચ્ચ અદાલતની સ્થાપનાના ૭૫ વર્ષની યાદમાં સ્ટેમ્પ અને સિક્કાનું અનાવરણ કર્યું

ભારતીય ન્યાય સંહિતાનો જુસ્સો 'સિટીઝન ફર્સ્ટ, ડિગ્નિટી ફર્સ્ટ અને જસ્ટિસ ફર્સ્ટ' છે

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં ભારત મંડપમમાં જિલ્લા ન્યાયતંત્રની રાષ્ટ્રીયપરિષદનું ઉદ્ઘાટન કર્યું હતું. પ્રધાનમંત્રીએ ભારતની સર્વોચ્ચ અદાલતની સ્થાપનાનાં ૭૫ વર્ષની ઉજવણીની યાદમાં સ્ટેમ્પ અને સિક્કાનું અનાવરણ પણ કર્યું હતું. ભારતની સર્વોચ્ચ અદાલત દ્વારા આયોજિત આ બે દિવસીય સંમેલનમાં જિલ્લા ન્યાયતંત્ર સાથે સંબંધિત મુદ્દાઓ જેવા કે ઈ-ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને માનવ સંસાધન, તમામ માટે સમાવેશી કોર્ટરૂમ, ન્યાયિક સુરક્ષા અને ન્યાયિક સુખાકારી, કેસ મેનેજમેન્ટ અને ન્યાયિક તાલીમ જેવા મુદ્દાઓ પર વિચાર-વિમર્શ અને ચર્ચા કરવા માટે પાંચ કાર્યકારી સત્રોનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રધાનમંત્રીએ તેમના સંબોધનની શરૂઆત થોડા દિવસો અગાઉ રાજસ્થાન હાઈકોર્ટની પ્લેટિનમ જ્યુબિલી સમારંભની તેમની મુલાકાતને યાદ કરીને કરી હતી અને ભારતની સર્વોચ્ચ અદાલતની ૭૫મી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે આજે આયોજિત નેશનલ કોન્ફરન્સ ઓફ ડિસ્ટ્રિક્ટ જ્યુડિશિયરીમાં ઉપસ્થિત રહેવા બદલ આભાર વ્યક્ત કર્યા હતા. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારતની સર્વોચ્ચ અદાલતની ૭૫ વર્ષની સફર માત્ર એક સંસ્થા સાથે સંકળાયેલી નથી, પણ તે ભારતીય બંધારણ, તેનાં મૂલ્યોને ભારતની લોકશાહી સ્વરૂપે વિકસિત સફર પણ છે. પ્રધાનમંત્રીએ આ સફરમાં બંધારણનાં ઘડવૈયાઓને સંપૂર્ણ ન્યાયિક વ્યવસ્થાની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ભારતનાકરોડોનાગરિકોની ભૂમિકાનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમણે આ ન્યાયિક વ્યવસ્થાને જવાબદારી સોંપી હતી. પીએમ મોદીએ કહ્યું, "ભારતના લોકોએ ક્યારેય ભારતની સર્વોચ્ચ અદાલત અથવા ન્યાયતંત્ર પ્રત્યે અવિશ્વાસ દર્શાવ્યો નથી."એટલે પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, ભારતની સર્વોચ્ચ અદાલતની ૭૫ વર્ષની સફર લોકશાહીની માતાતરીકે ભારતનાં ગૌરવને વધારે છે. તે સત્યમેવ જયતે, નાનૃતમના સાંસ્કૃતિક ઢંઢેરાનેમજબૂતબનાવેછે. રાષ્ટ્રની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થયાં છે અને દેશ બંધારણના ૭૫ વર્ષની ઉજવણી કરવા જઈ રહ્યો છે ત્યારે નોંધપાત્ર છે કે પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું, આપસંગઠનઅને પ્રેરણાથી ભરેલો છે. તેમણે આપ્રસંગે ન્યાયિક વ્યવસ્થાના તમામ હિતધારકો અને ભારતના નાગરિકોને અભિનંદન પાઠવ્યા હતા અને નેશનલ કોન્ફરન્સ ઓફ ડિસ્ટ્રિક્ટ જ્યુડિશિયરીમાં ઉપસ્થિત રહેવા બદલ આભાર વ્યક્ત કર્યા હતા. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આપણી સર્વોચ્ચ અદાલતની ૭૫ વર્ષની સફર માત્ર એક સંસ્થા સાથે સંકળાયેલી નથી, પણ તે ભારતીય બંધારણ, તેનાં મૂલ્યોને ભારતની લોકશાહીની સ્વરૂપે વિકસિત સફર પણ છે. પ્રધાનમંત્રીએ આ સફરમાં બંધારણનાં ઘડવૈયાઓને યાદ કર્યા હતા તથા સુપ્રીમ કોર્ટ અને ન્યાયતંત્રનાં પ્રદાન પર પ્રકાશ પાડ્યો હતો. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, નેશનલ કોન્ફરન્સ ફોર ડિસ્ટ્રિક્ટ જ્યુડિશિયરી આનું વધુ એક ઉદાહરણ છે અનેતેમણે સુપ્રીમ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટ દ્વારા 'ઓલ ઇન્ડિયા ડિસ્ટ્રિક્ટ કોર્ટ જજીસકોન્ફરન્સ'ના આયોજનને યાદ કર્યું હતું. ન્યાયનીસરળતાશરૂ કરવા માટે આ પ્રકારની ઘટનાઓના મહત્વને ધ્યાનમાં રાખીને, પીએમ મોદીએ આગામી બે દિવસમાં ચર્ચા કરવાના મુદ્દાઓ પર પ્રકાશ પાડ્યો હતોઅને પેન્ડિંગ કેસોના સંચાલન, માનવ સંસાધનો અને કાનૂની બિરાદરોની સુધારણાના ઉદાહરણો આપ્યા હતા. પ્રધાનમંત્રી મોદીએ ખુશી વ્યક્ત કરી હતી કે આગામી બે દિવસમાં ન્યાયિક સુખાકારી પર એક સત્રનું પણ આયોજન કરવામાં આવ્યું છે. "અંગત સુખાકારી એ સામાજિક સુખા કારીની સૌથી મહત્વની જરૂરિયાત છે. તેનાથી અમને આપણી કાર્યસંસ્કૃતિમાં સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવામાં મદદ મળશે." પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું, "વિકસિત ભારત, નવું ભારત —એ આજની આઝાદી કા અમૃત કાલમાં ૧૪૦ કરોડ નાગરિકોની ઇચ્છા અને સ્વપ્ન છે." તેમણે ઉમેર્યું હતું કે, નવા ભારતનો અર્થ વિચારસરણી અને દૃઢ નિશ્ચય સાથેનું આધુનિક ભારત છે. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ન્યાયતંત્ર આ વિઝન ના મજબૂતઆધારસ્તંભ છેઅને ખાસ કરીને જિલ્લા ન્યાયતંત્ર,જે આપણી ભારતીય ન્યાયિક વ્યવસ્થાનો પાયો છે. તેમણે ટિપ્પણી કરી હતી કે, જિલ્લા ન્યાયતંત્ર એ દેશના સામાન્ય નાગરિક માટે ન્યાય મારનું પ્રથમ ટચ પોઈન્ટ છે. તેથી, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ન્યાયના પ્રથમ કેન્દ્રો દરેક રીતે સક્ષમ અને આધુનિક હોવા જોઈએ તે ખૂબ જ પ્રાથમિકતા છે. આત્મવિશ્વાસ વ્યક્ત કરતાં શ્રી મોદીએ કહ્યું હતું કે, રાષ્ટ્રીય પરિષદ અને ચર્ચાવિચારણાથી દેશની અપેક્ષાઓ પૂર્ણ કરવામાં મદદ મળશે. સામાન્ય નાગરિકોનું જીવનનું સ્તર, જે જીવનની સરળતાદ્વારા નિર્ધારિત થાય છે, તે કોઈ પણ દેશ માટે વિકાસનું સૌથી અર્થપૂર્ણ પરિમાણ છે એ વાત પર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, જીવનને સરળ બનાવવા માટે સરળ અને સરળ ન્યાયની સુલભતાઅનિવાર્ય છે. તેમણે જણાવ્યું હતું કે, જિલ્લા અદાલતો આધુનિક માળખાગત સુવિધા અને ટેકનોલોજીથી સજ્જ હશે, ત્યારે જ તે સક્ષમબની શકશે. જિલ્લા અદાલતોમાં આશરે ૪.૫ કરોડ કેસોપેન્ડિંગ હોવાનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું કે ન્યાયમાં આ વિલંબને દૂર કરવા માટે છેલ્લા એક દાયકામાં અનેક સ્તરે કામકરવામાં આવ્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ન્યાયતંત્ર આ દિશામાં ન્યાયિક માળખાગત સુવિધાઓના વિકાસમાટે આશરે ૮,૦૦૦ કરોડ રૂપિયાનોખર્ચ કરવામાંઆવ્યો છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, છેલ્લા ૨૫ વર્ષમાં ન્યાયિક માળખાગત સુવિધા પાછળ ખર્ચવામાં આવેલા ભંડોળનો ૭૫ ટકા હિસ્સો છેલ્લા ૧૦ વર્ષમાં જ થયો હતો. પ્રધાનમંત્રીએ વધુમાં કહ્યું હતું કે, "આ ૧૦વર્ષમાં, જિલ્લા ન્યાયતંત્ર માટે ૭.૫ હજારથી વધુ કોર્ટ હોલ અને ૧૧,૦૦૦ રહેણાંક એકમો તૈયાર કરવામાં આવ્યા છે." ઈ-કોર્ટનાં મહત્વપૂર્ણ ભાર મૂકીને શ્રી મોદીએકહ્યું હતું, ટેકનોલોજીના હસ્તક્ષેપથી ન્યાયિક પ્રક્રિયાઓને વેગમળવાની સાથેવકીલોથી લઈને ફરિયાદી સુધીનાં લોકોની સમસ્યાઓમાં પણ ઝડપથી ઘટાડો થયો છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું કે દેશમાંઅદાલતોનું ડિજિટાઈઝેશન થઈ રહ્યું છે અને આ તમામ પ્રયાસોમાં સુપ્રીમકોર્ટની ઈ-કમિટી મહત્વપૂર્ણભૂમિકા ભજવી રહીછે. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, ઈ-કોર્ટ પ્રોજેક્ટનાં ત્રીજા તબક્કાને વર્ષ ૨૦૨૩માં મંજૂરી આપવામાં આવી હતી. તેમણે ઉમેર્યું હતું કે, ભારત એકીકૃત ટેકનોલોજી પ્લેટફોર્મઉભું કરવાતરફ અગ્રેસર છે, જેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને આપ્ટિકલ ચારિત્ર માન્યતા જેવી ઉભરતી ટેકનોલોજીનોસમાવેશ થયો છે. શ્રી મોદીએભારપૂર્વક જણાવ્યું હતું કે, આ પ્રકારનાં ટેકનોલોજીકલ પ્લેટફોર્મથી વિલંબિત કેસોનું વિશ્લેષણ કરવામાં મદદ મળશે અને ભવિષ્યનાં કેસોની આગાહી પણ કરવામાં મદદ મળશે. તેમણે ઉમેર્યું હતું કે, ટેકનોલોજી પોલીસ, ફોરેન્સિક, જેલ અને કોર્ટ જેવા વિવિધ વિભાગોની કામગીરીને સંકલિત કરશેનને તેનેવેગઆપશે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે, "અમે ન્યાય વ્યવસ્થા તરફ આગેકૂચ કરી રહ્યાછીએ, જે સંપૂર્ણપણે ભવિષ્ય માટે તૈયાર હશે." પ્રધાનમંત્રી મોદીએ દેશની પરિવર્તનશીલ સફરમાં માળખાગત અને ટેકનોલોજીકલ પ્રગતિની સાથે નીતિઓ અને કાયદાઓની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. એટલે શ્રીમોદીએકહ્યું હતું કે, દેશે આઝાદીનાં ૭૦ વર્ષમાં સોએપ્રથમવાર કાયદાકીય માળખામાં આપ્રકારનાં મોટાં અને મહત્વપૂર્ણ ફેરફારો કર્યા છે. ભારતીય ન્યાય સંહિતા સ્વરૂપે નવી ભારતીય ન્યાયિક વ્યવસ્થાનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, આ કાયદાઓની ભાવના 'સિટીઝન ફર્સ્ટ, ડિગ્નિટીફર્સ્ટ અને જસ્ટિસ ફર્સ્ટ' છે. તેમણે ધ્યાન દોર્યું હતું કે ભારતના ગુનાહિત કાયદાઓ શાસકો અને ગુલામોની વસાહતી માનસિકતાથી મુક્ત થયાછે. તેમણે રાજદ્રોહ જેવાસંસ્થાનવાદી યુગના કાયદાને રદ કરવાનું ઉદાહરણ આપ્યું હતું. ન્યાય સંહિતા પાછળ ના વિચારે પર પ્રકાશ પાડતા, નાગરિકોને સજા નહીંપરંતુ તેમની સુરક્ષા માટે, પીએમ મોદીએ મહિલાઓ અને બાળકો સામેના ગુનાઓ માટે કડક કાયદાઓના અમલીકરણ અને પ્રથમ વખત ના ગુનાઓ માટે સજા માટે સામુદાયિક સેવાની જોગવાઈઓનો ઉલ્લેખ કર્યો હતો. શ્રી મોદીએ ભારતીય શક્તિ અધિનિયમ વિશે પણ વાતકરી હતીઅને કહ્યુંહતું કે, ઈલેક્ટ્રોનિક અનેડિજિટલ રેકર્ડને નવા કાયદા હેઠળ પુરાવા સ્વરૂપે માન્યતા આપવામાં આવી છે. તેમણે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાનો પણ ઉલ્લેખ કર્યો હતો અનેકહ્યુંહતું કે ન્યાયતંત્રપર ફતર કેસોનું ભારણ ઘટાડવા માટે ઈલેક્ટ્રોનિક મોડમાં સમન્સ મોક લવાની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. પ્રધાનમંત્રીએ સુપ્રીમ કોર્ટના માર્ગદર્શનહેઠળ આ નવી વ્યવસ્થામાંજિલ્લા ન્યાયતંત્ર તાલીમ આપવાજરૂરી પગલાં લેવા પણ તાકીદ કરી હતી. તેમણે ન્યાયાધીશો અને વકીલ સાથીદારોને પણ આ અભિયાનનો ભાગ બનવાનું સૂચન કર્યું. પ્રધાનમંત્રીએ વધુમાં કહ્યું હતું કે, "લોકોને આ નવી સિસ્ટમથી પરિચિત કરાવવામાંઆમારા વકીલો અને બાર એસોસિએશનોની મહત્વપૂર્ણ ભૂમિકા છે." સણતી સમસ્યા સામે એકત્રિત થયેલી જનમેદનીનું ધ્યાન દોરતા પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, મહિલાઓ પર અત્યાચાર અને બાળકોની સુરક્ષાએ અત્યારે સમાજમાં ગંભીર ચિંતાનો વિષય છે. શ્રી મોદીએ એ બાબત પર પ્રકાશ પાડ્યો હતો કે, દેશમાં મહિલાઓની સુરક્ષા માટે ઘણા કડક કાયદા ઘડવામાં આવ્યા છે, તેમણે ઉમેર્યું હતું કે, વર્ષ ૨૦૧૯માં સરકારે ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટ સ્થાપવાની યોજના બનાવી હતી. આ અંગે વધુસ્પષ્ટતા કરતાં તેમણે જણાવ્યું હતું, ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટહેઠળ મહત્ત્વના સાક્ષીઓ માટે ડિપોઝીશન સેન્ટરનીજોગવાઈ છે. વધુમાં તેમણે ફાસ્ટ ટ્રેક વિશેષ અદાલતો હેઠળ જિલ્લા નિરીક્ષણ સમિતિઓની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો હતો, જેમાં જિલ્લા ન્યાયાધીશ, જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિક્ષકનો સમાવેશ થાય છે. તેમણેઉમેર્યું કેકોજદારી ન્યાય પ્રણાલીના વિવિધ પાસાંઓ વચ્ચે સંકલન બનાવવામાં સમિતિની ભૂમિકામહત્વપૂર્ણ છે. શ્રી મોદીએ આ સમિતિઓને વધારે સક્રિય બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, મહિલાઓ પરના અત્યાચાર ને લગતા કેસોમાં જેટલા ઝડપી નિર્ણયો લેવામાં આવશે તેટલી જ અડધી વસતી માટે સલામતીની ખાતરી પણ આપવામાં આવશે. સંબોધન ના સમાપન માં પ્રધાનમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, જે ચર્ચાઓ થઈ રહી છે, તેનાથી દેશ માટે કિંમતી સમાધાનો ઉપલબ્ધથશે અને 'તમામને ન્યાય' આપવાનો માર્ગ મજબૂત થશે. આ પ્રસંગે ભારતના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ ડી વાય ચંદ્રચુડ, સુપ્રીમ કોર્ટના માનનીય ન્યાયાધિશો પરિષદ કરાવવામાંઆમારા વકીલ અને જસ્ટિસ બી આરગવઈ, કાયદાઅને ન્યાય રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો), ભારતનાએટર્ની જનરલશ્રી અર્જુન રામ મેઘવાલ, સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનના પ્રમુખ શ્રી આર વેંકટરામાણી, શ્રી કપિલ સિબ્બલ અને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ચેરમેન શ્રીમનન કુમાર મિશ્રા ઉપસ્થિત રહ્યા હતા.

દેશના મુગટને સહકારીતાનું આવરણ

કેન્દ્ર શાસિત પ્રદેશ લદાખ ખાતે સહકારીતા સંવર્ધન કાર્યશાળા, દિલીપ સંઘાણીની ઉપસ્થિતી

કમલમ્ ન્યુઝ,

ડો. પવન કોટવાલ ઉપરાજ્યપાલના સલાહકાર, માર્કેટિંગ એમ.ડીસુજા પ્રશાસન સચિવ અને સહકારીતા વિભાગ, સ્ટેનઝિન ચોસકેલકાર્યકારીપાર્ષદ લદાખ, સુધીર મહાજન , એન. સી.યુ. આઈ.ના સી.ઈઓ, પ્રદિપકુમાર એન. સી.યુ. આઈ. ગવર્નીંગ કાઉન્સિલ સદસ્ય, સહકારી આગેવાન અને ઉજાતિ કો.ઓપ.સોસાયટી અધ્યક્ષ વિક્રાંત ડોગરા સહિત ગણમાન્ય મહાનુભાવો અનેસ્થાનિક સહકારી આગેવાનો–કાર્યકરોની ઉપસ્થિતી દેશના વિકાસનું પ્રમુખ પીઠબળ કૃષિ અનેસહકાર નદેશના પ્રવાસન ક્ષેત્ર એવા પહાડી વિસ્તારના વિકાસમા મહત્વની ભૂમિકા નીભાવવા તત્પર છે તેમ ભારત દેશના મુગટસમાકેન્દ્રશાસિતપ્રદેશ લદાખ પ્રવાસે પહોચેલા ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીએ આયોજીત સહકારીતા સંવર્ધન કાર્યશાળાને સંબોધતા જણાવ્યુ હતું. સંઘાણીએ વધુમા જણાવેલ કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને સહકાર મંત્રી અમીતભાઈ શાહ સહકારી પ્રવૃતિ વધુમા વધુ લોકભોગ્ય અનેસક્ષમ બને,તંદુરસ્ત ખેત ઉત્પાદ મેળવે, જમીન સરાયણમુકત બને તે દિશામા અસરકારકે પહેલ કરવાપર ભાર મૂક્યાં હતો. સંઘાણી એ વધુમા જણાવેલ કે, લદાખ દેશનું પ્રમુખ પ્રવાસન ક્ષેત્રઅને દેશનોમુગટ છે. પ્રવાસન ક્ષેત્રના વિકાસમા સહકારને સામેલ કરી કૃષિ, પશુપાલન, પ્રવાસન અને આત્મનભરિ યોજનાઓને ગતીશિલ બનાવવા આહ્વાન કરવા સાથે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીના સ્વપ્ન "સહકાર થી સમૃધ્ધિ" તરફ આગળ વધવા સંઘાણીએજણાવ્યું હતું. સહકારીતા સંવર્ધન કાર્યશાળા કાર્યક્રમમા દિલીપ સંઘાણી ઉપરાંત ડો.પવન કોટવાલ ઉપરાજ્યપાલના સલાહકાર, માર્કેટિંગ એમ.ડીસુજા પ્રશાસન સચિવ અને સહકારીતા વિભાગ, સ્ટેનઝિન ચોસકેલ કાર્યકારી પાર્ષદ લદાખ, સુધીર મહાજન, એન.સી.યુ.આઈ.ના સી.ઈઓ, પ્રદિપકુમાર એન. સી.યુ. આઈ. ગવર્નીંગ કાઉન્સિલ સદસ્ય, સહકારી આગેવાન અને ઉજાતિ કો.ઓપ.સોસાયટી અધ્યક્ષ વિક્રાંત ડોગરા સહિત ગણમાન્ય મહાનુભાવો અનેસ્થાનિક સહકારી આગેવાનો–કાર્યકરોની ઉપસ્થિત રહ્યા હતા. સંઘાણીએ પહાડી પ્રદેશોમાં ચાલતી વિવિધ સહકારી પ્રવૃતિઓની સવિસ્તર જાણકારી મેળવી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે, લદાખ પહાડી ક્ષેત્રમા સહકારી પ્રવૃતિપણ સારો વિકાસ જોઈ રહી છે અને તેથી તે દિશામા સહકારી સંવર્ધન કાર્યશાળાઓ અગ્રીમ ભૂમિકા નિભાવશે તેવો એકસુર વ્યકત થયો હતો તેમ કાર્યાલયની અખબારીયાદીમાંજણાવવુ છે.



બાગાયત–કૃષિ વિકાસની ચર્ચા, પ્રવાસન પ્રવૃતિમા સહકાર

ચૂંટણી પ્રક્રિયાના પ્રશ્નોના નિરાકરણ માટે આ પુસ્તક પ્રમાણિત દસ્તાવેજ : રાજ્યપાલ શ્રી આચાર્યદેવવ્રતજી

ડેમોક્રેસી ઈન એક્શન : એ કેસબૂક ઓન ઈન્ડિયન ઈલેક્શન્સ'નું રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના વરદ હસ્તે વિમોચન

કમલમ્ ન્યુઝ,

રાજ્ય પાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ 'ડેમોક્રેસીઈન એક્શન : એ કેસબુક ઓન ઈન્ડિયન ઈલેકશન્સ'નું વિમોચન કર્યું હતું. રાજ્ય ચૂંટણી કમિશનર શ્રી સંજય પ્રસાદ, ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીના ડાયરેક્ટર પ્રોફેસર ડૉ. એસ. શાંતાકુમાર, આસિસ્ટન્ટ પ્રોફેસર નમિકા શુકલ અને અભિલાષ અરુણ સાપે લિખિત આ અંગ્રેજી પુસ્તકમાં ચૂંટણી પ્રક્રિયા સંદર્ભે થયેલા કેસો અને ભારતની સર્વોચ્ચ અદાલતેઆપેલા આખરી ચુકાદાનુંવિગતવાર વિવરણ છે. આ પુસ્તકમાં મે-૨૦૨૪સુધીના ૧૨૨ જેટલા મહત્વના કેસોનું અભ્યાસ પૂર્ણ આલેખન છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ લેખકોને અભિનંદન આપતાં આ અવસરે કહ્યું કે, ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ઊભા થતાં પ્રશ્નોના નિરાકરણ માટે આપુસ્તક પ્રમાણિત દસ્તાવેજ બની રહેશે. ચૂંટણી તંત્ર દ્વારા સત્યતાના આધારે ત્વરિત અને યથાર્થ નિર્ણય લેવાતા હોય છે, ત્યારે આ પુસ્તક સંદર્ભ ગ્રંથ તરીકે સંલગ્ન અધિકારીઓને નિર્ણય લેવામાંખૂબ જ મદદરૂપ થશે. તેમણે કહ્યું કે, સુપ્રીમ કોર્ટના ચૂંટણી કેસો પરના મહત્વના જજમેન્ટ વકીલોને અને કાયદાનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ ઉપયોગી થશે. રાજ ભવનમાં આ પુસ્તકના વિમોચન અવસરે લેખકો સાથે રાજ્યપાલશ્રીના અગ્ર સચિવ શ્રી અશોક શર્મા અને રાજ્યના અન્ય ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

રાજયમાં મેઘરાજાની મહેરના પરિણામે ૨૦૬ જળાશયોમાંથી ૧૦૮ જળાશયો સંપૂર્ણ એટલે કે ૧૦૦ ટકા જયારે ૪૪ જળાશયો-ડેમ ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરાતા હાઈ એલર્ટ જાહેર કરાયા છે. આ સિવાય રાજયના ૨૦ ડેમ ૫૦ ટકાથી ૭૦ ટકા ભરાતા એલર્ટ અપાયું છે. જયારે ૨૨ ડેમ ૨૫ થી ૫૦ ટકા વચ્ચે તેમજ ૧૨ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયા છે. આ સિવાય ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં ૨,૮૬,૩૮૭ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૮૫ ટકા જળસંગ્રહ નોંધાયો છે. જયારે રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં ૪,૩૨,૫૦૭એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૭૭.૨૧ ટકાજેટલો જળસંગ્રહ નોંધાયો છે. આમ કુલ ૨૦૭જળાશયોમાં ૮૦ટકાથી વધુજળસંગ્રહ થયોછે તેમ, જળ સંપત્તિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે. આજે સવારે ૮.૦૦ કલાકના અહેવાલ મુજબ રાજયમાં સાર્વત્રિક વરસાદના પરિણામે સૌથી વધુ સરદાર સરોવર યોજનામાં ૧.૮૬ લાખ ક્યુસેક પાણીની આવક સામે ૧.૭૮ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જયારે ઉકાઈમાં ૬૨ હજાર ક્યુસેક પાણીનીઆવક સામે૪૬ હજારનીજાવક, વણાકબોરી જળાશયમાં ૨૬હજાર ક્યુસેક પાણીની આવક સામે ૨૬હજારની જાવક, કડાણામાં ૨૧ હજાર ક્યુસેક પાણીની આવક સામે ૨૦હજારની જાવક તેમજ ભાદર-૨માં૧૬ હજાર ક્યુસેક પાણીની આવક સામે ૧૬ હજાર ક્યુસેક પાણીની જાવક નોંધાઈ છે.

એસ પી બી કોમર્સ કોલેજનું ગૌરવ

કમલમ્ ન્યુઝ,

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લીશ મીડીયમ કોલેજ ઓફ કોમર્સના એફ.વાય. બી.કોમ.ના વિદ્યાર્થી અર્પિતએન. ભડિયાદરાએ તા.૩૦/૦૮/૨૦૨૪ના રોજ નવયુગ કોમર્સ કોલેજ, સુરત ખાતે યોજાયેલી આંતરકોલેજ વેઈટ લિફ્ટિંગ (પુરુષો) ની ૮૧ કિગ્રા વજન કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીતી કોલેજને ગૌરવ અપાવ્યું છેજે બદલ કોલેજના ઈ.ચા. આચાર્ય ડૉ. આશિષ પંડ્યા, સ્પોર્ટ્સ પ્રોફેસર ધનંજયયાદવ તેમજ સમગ્ર કોલેજ પરીવારે શુભેચ્છા પાઠવી લાગણી વ્યક્ત કરી.

વડોદરાના વિવિધ વિસ્તારોમાં નાગરિકોના આરોગ્યની ચકાસણી કરી રહી છે અ.મ્યુ.કો.ની આરોગ્ય વિભાગની ટીમો

વડોદરાના તાંદલજા, અકોટા, મુંજમહુડા, વડસર અને શિયાબાગ વિસ્તારના નાગરિકોના આરોગ્યની દરકાર માટે કાર્યરત

કમલમ્ ન્યુઝ,

વડોદરામાંભારે વરસાદના કારણે સર્જાયેલપરિસ્થિતિને પહોંચી વળવા સમગ્ર રાજ્ય વહીવટીતંત્ર ખડેપગે છે. આ ઉપરાંત અનેક જિલ્લાના વિવિધ વિભાગોની ટીમ પણ વડોદરા ખાતે રાહતની કામગીરીઅર્થે જોડાઈછે. પૂરગ્રસ્ત વડોદરાના નાગરિકોના આરોગ્યની દરકાર અર્થે અમદાવાદ મ્યુનિસિપલકોર્પોરેશનની આરોગ્ય વિભાગની ટીમોવડોદરાના વિવિધ વિસ્તારમાં હાલ કાર્યરત છે. વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગો ફેલાય નહીં અને નાગરિકોના આરોગ્યની સંભાળ માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તાત્કાલિક ધોરણે આરોગ્ય વિભાગની વિવિધ ટીમો વડોદરા ખાતે મોકલવામાં આવી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા ૭ મેડિકલ ઓફિસર, ૧૫ પેરા મેડિકલ સ્ટાફ, ૫ મેડિકલ મોબાઈલ વાન તથા ડોક્ટરો વડોદરા ખાતે મોકલવામાં આવ્યા છે. સાથે સાથે જરૂરી દવાઓ, ડ્રેસિંગ મટીરીયલ, ઓક્સિજન સિલિન્ડર, વ્હીલ ચેર, ઓ.આર.એસ તથાઈન્જેક્શન જેવી જરૂરી સાધન સામગ્રી પણ મોકલવામાં આવી છે. આ તમામ ટીમો હાલ વડોદરાના વિવિધ વિસ્તારો તાંદલજા, અકોટા, મુંજમહુડા, વડસર અને શિયાબગ ખાતે નાગરિકોના આરોગ્યની ચકાસણી માટે કાર્યરત છે. વધુમાં, ઉંમરલાયક દર્દીઓના આરોગ્યની તપાસ માટે તેમના ઘરે આરોગ્ય વિભાગની ટીમોમોકલવામાં આવી હતી. ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આરોગ્ય વિભાગની ટીમો દ્વારા વડોદરાના આશરે ૪૩૩ જેટલા દર્દીઓને તપાસી સારવાર અપાઈ હતી. જેમાં ઝાડા ઉલટી, શ્વાસની તકલીફ, ડાયાબિટીસ, તાવ હાયપરટેન્શન, ઈન્જરી જેવા રોગોના દર્દીઓને સારવાર અપાઈ હતી.

શંકાસ્પદ વાઈરલ એનસેફેલાઈટસ (ચાંદીપુરા)ની રોકથામ માટે આંગણવાડી કેન્દ્રોમાં અસરકારક રોગ અટકાયતી પગલા ભરવામાં આવ્યા

કમલમ્ ન્યુઝ,ભુજ

હાલમાં વિષમ વાતાવરણ દરમિયાન ગરમ અને ભેજવાળી હવાના કારણે વાઈરલ એનસેફેલાઈટસ (ચાંદીપુરા)ના કેસોની સંખ્યા વધવાની સંભાવના વચ્ચે આ રોગની રોકથામ માટે જિલ્લાની તમામ આંગણવાડી કેન્દ્રોમાં શંકાસ્પદ વાઈરલ એનસેફેલાઈટસ (ચાંદીપુરા) ના અટકાયત અને નિયંત્રણ માટે આ રોગના વાહકજન્ય "સેન્ડફ્લાય" નિયંત્રણના પગલા લેવામાં આવ્યા હતા.

આ રોગના કિસ્સામાં રોગ અટકાયતી રસી કે કોઈ વિશિષ્ટ દવાઓ ન હોઈ વેક્ટર કંટ્રોલ એક માત્ર ઉત્તમ ઉપાય છે. આથી તમામ આંગણવાડી કેન્દ્રોમાં રોકથામની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં સામાન્ય રીતે આ રોગના વાહક સેન્ડફ્લાય નામની માખી છે જે જુના માટીના મકાનો અને પ્લાસ્ટર વગરના દીવાલોની તિરાડોમાં જોવા મળતી હોયછે તેથી તિરાડો પુરવામાં આવી હતી. આંગણવાડી કેન્દ્રોમાં સ્વચ્છતાની કામગીરી કરવામાં આવી હતી. કેન્દ્રમાં જમા થયેલ દુષિત પાણીનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. આરોગ્યની ટીમ દ્વારા અગ્રતાના ધોરણે આંગણવાડી કેન્દ્રોમાં સર્વેલન્સની કામગીરી તેમજ જંતુનાશક દવા છંટકાવની કામગીરી કરવામાં આવી હતી.. આ કાર્યમાં આંગણવાડી કાર્યકર તેમજ તેડાગર બહેનોદ્વારા સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો.

ખેલ રત્ન મેજર ધ્યાનચંદજીની જન્મ જયંતિના ભાગરૂપે "નેશનલ સ્પોર્ટ્સ ડે" નું આયોજન

કમલમ્ ન્યુઝ,

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત અને ક્રિડા ભારતી ગુજરાત પ્રાંત, સુરતનાં સંયુક્ત ઉપક્રમે વિશ્વવિદ્યાલયના કન્વેનશન હોલ ખાતેખેલ રત્ન મેજર ધ્યાનચંદજીનીજન્મ જયંતિનાભાગરૂપે "નેશનલ સ્પોર્ટ્સડે"નું આયોજન કરવામાં આવેલહતું. સદરકાર્યક્રમનાંઉદઘાટન પ્રસંગેમાનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાસાહેબશ્રી, ક્રીડા ભારતી, સુરતના મુખ્યમંત્રીશ્રી મનોજભાઈ સાવલિયા, યુ.ક. અને શા.શિ.વિભાગનાઓ.એસ.ડી. ડૉ.પ્રકાશચંદ્ર પી. પટેલહાજર રહ્યાહતા. માનનીયકુલપતિશ્રી ડૉ કિશોરસિંહ એન. ચાવડાસાહેબ દ્વારા કાર્યક્રમને અનુરૂપઉદ્બોધન આપ્યુહતું. યુ.ક. અને શા.શિ.વિભાગના ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પી. પટેલ દ્વારા મહેમાનો અને ભાગ લેનાર ખેલાડીઓનું શાબ્દિક સ્વાગત અને આભારવિધિ કરવામાંઆવી હતી. નેશનલ સ્પોર્ટ્સ ડે નિમિત્તે વોલીબોલ, સ્વીમીંગ, દોડ અને લાંબી કૂદ જેવી સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. કાર્યક્રમમાં સ્પર્ધકો, ઓફિસરો, વાલીઓ તથા નિમંત્રિત મહેમાનો સાથે આશરે ૫૦૦ની સંખ્યા થઈ હતી. સ્પર્ધા પૂર્ણ થતાં વિજેતાથનાર ખેલાડીઓને ટ્રોફી અને સર્ટીફીકેટ આપવામાં આવ્યાં હતાં. ભાગ લેનાર તથા વિજેતા થયેલ તમામ ખેલાડીઓને માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તરફથીખુબ ખુબ શુભેચ્છાઓ અને ભવિષ્યમાં પર ઉત્તરોતર પ્રગતિકરે એવી શુભકામનાઓ પાઠવવામાંઆવી હતી.

મોડાસા કોલેજકેમ્પસમાં ઉદ્યોગ સાહસિકતા સપ્તાહની ઉજવણી કરવામાં આવી

કમલમ્ ન્યુઝ,

ધી મ.લા ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ,મોડાસા સંચાલિત કોલેજો અને સ્વદેશીજાગરણ મંચ અરવલ્લી દ્વારા યુવાઓમાં ઉદ્યોગ સાહસિકતાવિકસિત થાય તે હેતુથી બૌદ્ધિક વ્યાખ્યાનનું આયોજન કરવામાંઆવ્યું હતું. આ કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લાના ૨૫૦ ઉપરાંત યુવાઓ, અધ્યાપકો તથા આચાર્યશ્રીઓ સક્રિય રીતે સામેલ થઈઅને સ્વદેશીવિચારનો અમલ કરવા માટેના સંકલ્પ કરેલા હતા. આ પ્રસંગે અતિથિ વિશેષ અને મુખ્ય વક્તા શ્રી મનોહર લાલજી ગુજરાત પ્રાંત પ્રમુખ સ્વદેશી જાગરણ મંચ ઉપસ્થિત રહી યુવાઓને સ્વદેશીઅને સ્વાવલંબન વિચાર પ્રેરિત ઉદબોધન કરેલું હતું. આ પ્રસંગે જિલ્લામાં શ્રેષ્ઠ સ્વદેશી અને સ્વાવલંબનના પ્રચાર પ્રસાર માટેની કાર્ય કરતી સર પી.ટી સાયન્સ કોલેજ ને સન્માનિત કરવામાં આવી હતી. કોલેજ કેમ્પસના ઉપપ્રમુખ શ્રી સુભાષભાઈ શાહ અને સાયન્સ કોલેજના પ્રિ ડૉ.કે.પી.પટેલને ટ્રોફી અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોમર્સ કોલેજ અને આર્ટસ કોલેજ દ્વારા કરવામાં આવ્યું હતું.

"વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અમરેલીમાં શૈક્ષણિક પ્રતિભાશાળી અને ઉલ્લેખ સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓનો ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો"

કમલમ્ ન્યુઝ,

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ. શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ) તેમજ સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીબી.બી.એ.માં શૈક્ષણિક પ્રતિભાશાળી અને ઉલ્લેખ સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓનો ઈનામ વિતરણ કાર્યક્રમ કોલેજ કેમ્પસમાંતા. ૩૦-૦૮-૨૦૨૪નાં રોજ યોજાયો હતો કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય, પ્રાર્થના અને સ્વાગત નૃત્યથી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાનશ્રી તરીકે પદ્મશ્રી યઝદી કરંજિયા તેમજ પ્રો.ડૉ.મનીષ વી. સીધપુરિયા (Professor & HOD, D.B.I.M., VNSGU), જીવનજ્યોતટ્રસ્ટના પ્રમુખ શ્રીભરતભાઈ વી. શાહ, શ્રી ભાનુભાઈ એન. શાહ, શ્રી અશ્વિનભાઈ આર. પટેલ, શ્રી ગૌરાંગભાઈ આર. દેસાઈ, ડૉ. મહેન્દ્રભાઈ એન. સોલંકી, શ્રી સ્નેહલભાઈ શાહ, અમરોલી ગ્રાન્ટ - ઈન - એડ કોલેજનાં ઈન્ચાર્જ આચાર્ય ડૉ. સેજલબેન દેસાઈ, છાપરાભઠ્ઠા કેમ્પસ શાળાનાં આચાર્ય શ્રી દિલીપભાઈ પટેલ અને અંજલીબેન જાની હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણી અને બી.બી.એનાં કૉ-ઓર્ડીનેટરે મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરીમહેમાનોનો પરિચય આપ્યો હતો. ઈનામ વિતરણ કાર્યક્રમને ઉપલક્ષીને પદ્મશ્રી યઝદી કરંજિયા તેમજ પ્રો. ડૉ. મનીષ વી. સીધપુરિયાએ પ્રાસંગિક પ્રવચન આપ્યુ હતું. તેમજ ૧૦૦ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ, તેમજ ટ્રોફી આપી પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમદરમિયાન કોલેજના અધ્યાપક ગણ વહીવટી સ્ટાફ હાજર રહી કાર્યકાર્યક્રમની શોભા વધારી હતી. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન કોલેજના આચાર્ય ડૉ.મુકેશ આર. ગોયાણીના માર્ગદર્શન હેઠળબી.બી.એનાં કૉ-ઓર્ડીનેટર ડૉ. સ્વાતી મહેતા, ડૉ. નિલેશ પટેલ, પ્રા.સોયેબ મેમન દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ ના અંતે આભાર વિધિ ડૉ. સ્વાતી મહેતા અનેડૉ. નીલેશપટેલએ કરી હતી. રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમ સમાપન કરવામાંઆવ્યો હતો.

મુશ્કેલીના સમયે ફકત એક જ કૉલમાં સ્થળે પહોચતી ૧૦૮ ની સેવાએ ૧૭ વર્ષમા ૧ કરોડ ૬૫ લાખથી વધુ કટોકટીમા સેવા આપી

૯૯ ટકા જેટલા કોલને બે રીંગમાં જ પ્રતિસાદ મળે જે આંતરરાષ્ટ્રીય સ્તર અને ધોરણ કરતાં પણ વધુ સારી ગુણવત્તા છે

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને પૂર્વ રાષ્ટ્રપતિશ્રી ડો. એ.પી.જે અબ્દુલ કલામ દ્વારા વર્ષ ૨૦૦૭માં ૧૦૮ એમ્બ્યુલન્સની ૨૪ કલાક સેવા ગુજરાતમા શરૂ કરાઈ હતી

૧૭ વર્ષમાં અંદાજે ૧૫.૩૭ લાખથી વધુ લોકોના જીવ બચાવવાની સાથે ૧.૪૨ લાખથી વધુ બાળકોનો જન્મ એમ્બ્યુલન્સમાં થયો

કમલમ્ ન્યુઝ,રાજકોટ

તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને પૂર્વ રાષ્ટ્રપતિશ્રી ડો. એ.પી.જે અબ્દુલ કલામના વરદ હસ્તે સોલા સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે વર્ષ ૨૦૦૭માં ૧૦૮ એમ્બ્યુલન્સની ૨૪ કલાક સેવા ગુજરાતમા શરૂ કરાઈ હતી. મુશ્કેલીના સમયે ફકત એક જ કૉલમાં સ્થળે પહોચતી ૧૦૮ ની સેવાને તા.૨૯ મીઓગસ્ટના રોજ ૧૭ વર્ષ પૂર્ણ થયા છે. અન્ય રાજ્યો માટે એક આદર્શ મોડલ તરીકે પ્રસ્થાપિત થયેલ ૧૦૮ ની સેવાએ ૧૭ વર્ષમા ૧ કરોડ ૬૫ લાખથી વધુ કોલ રીસીવ કરી કટોકટીમા સેવા આપી છે. તથા સ્થળપર અંદાજે૧૫.૩૭ લાખથી વધુ લોકોનાજીવ બચાવવાની સાથે ૧.૪૨ લાખથી વધુ બાળકોનો જન્મ એમ્બ્યુલન્સમાં થયો છે. ગુજરાત રાજ્યમાં આપત્તિગ્રસ્ત અને આપાતકાલીન સ્થિતિમાં કોઈપણસ્થળે અને કોઈપણ સમયે તાત્કાલિક મેડીકલ સારવાર અને મદદ માટે સૌના હૈયે અને હોઠે ચડતો એકમાત્રટોલફ્રીનંબર એટલે ૧૦૮ ઈમરજન્સીમેડિકલ સર્વિસ. ૨૯ મીઓગસ્ટનો તે ઐતિહાસિક દિવસ કે જ્યારે ૧૦૮ સેવાનો ગુજરાત રાજ્યમાં સૌ પ્રથમવાર શુભારંભ થયો હતો.આપત્તિનાં સમયમાં લાખો લોકોના જીવન બચાવનાર ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાજીવાદોરી સમાન બની ગઈ છે. ઈમરજન્સીની સ્થિતમાં બીમાર કે ઈજાગ્રસ્ત વ્યક્તિને ઝડપથી હોસ્પિટલ પહોચાડવા માટે નિઃશુલ્ક એમ્બ્યુલન્સ પરિવહનની સુવિધા પૂરી પાડવા અને તમામ પ્રકારની મેડિકલ ઈમરજન્સી જેવી કે હૃદયરોગ, કેન્સર, કીડની, પ્રસૂતિ સંબંધિત, ઝેરી જીવજંતુ કરડવું, મારામારીમાં ઘવાયેલ, અને દાઝી જવાથી, રોડઅકસ્માત, નવજાત શિશુ વગેરે જેવી મેડિકલ ઈમરજન્સીમાં ૨૪કલાક કાર્યરત અદ્યતન એમ્બ્યુલન્સસેવાનિઃશુલ્ક મળી રહે તે માટે ગુજરાત સરકાર દ્વારા ૧૦૮ સેવાની શરૂઆત ૨૯ ઓગસ્ટ ૨૦૦૭નારોજ કરવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના સફળ માર્ગદર્શન હેઠળ ગુજરાતના તમામ જિલ્લાનાં શહેરો, તાલુકા અને છેવાડાનાં ગામ સુધી આજે ૧૦૮ ઈમરજન્સી સેવા 24*7 વિનામૂલ્યે ઉપલબ્ધથઈ રહીછે, જે ગુજરાતના નાગરિકો માટે આશીર્વાદ સમાન છે. રાજ્યકક્ષાના અદ્યતન ટેકનોલોજીસભર સ્ટેટ-ઓફ-આર્ટ ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર અમદાવાદના નરોડા કઠવાડા ખાતે પ્રસ્થાપિત કરીને ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા અસરકારક રીતે અમલીકરણ કરવામાં આવીછે. એમ્બ્યુલન્સમાં અદ્યતન મેડીકલ સાધનો, દવાઓ, વેન્ટીલેટર મશીન અને તેની સાથે ટેકનોલોજીનો સમન્વય કર્યો છે. તેનો સીધો લાભ કટોકટીની પળોમાં શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારના લોકોને મળે છે. ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા દ્વારા રાજ્યમા દરરોજ સરેરાશ ૪૦૦૦જેટલા દર્દીઓને હોસ્પિટલ સુધીપહોચાડવામા આવે છે. ૧૦૮ નંબર પર આવેલા ૯૯% જેટલા ફોન કોલ પ્રથમ બે રીંગમાં જ પ્રતિસાદ આપવામાં આવેછે. જે આંતર રાષ્ટ્રીય સ્તર અને ધોરણ કરતાં પણ વધુ સારી ગુણવત્તા છે. ૧૦૮ એમ્બ્યુલન્સનો રાજ્યમાં સરેરાશ રિસ્પોન્સટાઈમ ૧૬:૪૩ મિનિટ જેટલો છે જયારે શહેરી વિસ્તારમાં ૧૧:૨૨ મિનિટ જેટલો રિસ્પોન્સ ટાઈમ અને ગ્રામીણ વિસ્તારમાં ૨૧:૦૩મિનિટ જેટલો રિસ્પોન્સ ટાઈમછે. દર ૨૩ સેકન્ડે એક ૧૦૮ એમ્બ્યુલન્સ ઈમરજન્સી કેસનેપ્રતિસાદ આપવા માટે રવાના કરવામાં આવેછે. કુલ ૧,૬૫,૨૮,૭૭૨ લાભાર્થીઓ પૈકી મેડીકલના ૧,૬૨,૯૧,૭૫૫ કેસ, જેમા ગર્ભાવસ્થા સબંધિત ૫૫,૦૧,૨૩૮ કેસ, માર્ગ અકસ્માતના ૨૦,૧૯,૧૪૧ કેસ, હૃદય રોગસબંધિત ૭,૭૯,૭૫૬ કેસ તથા શ્વાસને લગતા ૯,૦૧,૯૮૨ કેસ મુખ્ય છે. ઉપરાંત પોલીસ સેવા સબંધિત ૨,૩૦,૨૧૬ ઈમરજન્સી કોલ તથા ફાયરને લગતા ૬,૮૦૧ ઈમરજન્સીકોલઆવ્યાછે. રાજ્ય સરકાર પ્રજાના કલ્યાણ માટે પોતાની પ્રજા પર આવી પડેલ મેડિકલ આકસ્મિક મુશ્કેલીઓને પોતાની તકલીફ સમજી, નાગરિકોનો પરિવાર વેરવિખેર ન થઈ જાય અને મહામૂલી માનવ જિંદગી બચાવી શકાય તેવા ઉમદા હેતુઓથી પ્રિ-હોસ્પિટલ કેર સાથે હોસ્પિટલ પહોચવા માટે "૧૦૮ એમ્બ્યુલન્સ સેવા" રૂપી યોજના થકીલાભ આપવાહંમેશા કટિબધ્ધ છે.

સાવરકુંડલા આહીર સમાજ દ્વારા જન્માષ્ટમી એકદમ અનોખી રીતે, સંપૂર્ણ પણે સનાતન સંસ્કૃતિને અનુરૂપ ઉજવાઈ ગયો

જન્માષ્ટમીના પવિત્ર તહેવાર પર શ્રીકૃષ્ણ ભગવાનને પ્રિય એવા રાસનું આયોજન સાવરકુંડલા આહીર સમાજ દ્વારા કરવામાં આવેલ

ભાઈઓ અને બહેનો દ્વારા પરંપરાગત પોશાક અને ભાતીગળ અને ધાર્મિક ફ્લોટ સાથે લેવાયેલ રાસ - ગરબા ખૂબ જ રમણીય જોવા મળ્યા

કમલમ્ ન્યુઝ,

સમગ્ર ભારતમાં ઉજવાતા કેટલાક સુંદર તહેવારોમાનો એક તહેવાર એટલે જન્માષ્ટમી તા. ૨૬/૦૮/૨૦૨૪ને સોમવારના રોજ સાવરકુંડલા આહીર બોર્ડિંગ ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં શ્રી કૃષ્ણ ભગવાનના સુંદર મજાના શણગાર સાથે હિંડોળા દર્શન ખુલ્લા મુકવામાં આવેલ. જન્માષ્ટમીના પવિત્ર તહેવાર પર શ્રીકૃષ્ણ ભગવાનને પ્રિય એવા રાસનું આયોજન સાવરકુંડલા આહીર સમાજ દ્વારા કરવામાં આવેલ. ભાઈઓ અને બહેનો દ્વારા પરંપરાગત પોશાક અને ભાતીગળ અને ધાર્મિક ફ્લોટ સાથે લેવાયેલ રાસ - ગરબા ખૂબ જ રમણીય લાગતા હતા. રાસ ગરબાના આયોજન બાદ "જેના અન્ન ભેગા તેના મન ભેગા" એને સમસ્ત જ્ઞાતિજનોએ સાથે સમૂહ ફરાળ કરેલ. રાત્રે ૧૦:૩૦ વાગે શ્રી કૃષ્ણ ભગવાનની આરતી, ભજન- કીર્તન, ધૂન, સાંસ્કૃતિક કાર્યક્રમ, શ્રી કૃષ્ણ ભગવાન વિશે અનોખી જાણકારી વગેરેનું આયોજન કરવામાં આવેલ. ત્યારબાદ ૧૨ વાગતા જ ભકતજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળેલ. થાળી અને કૃષ્ણ શણગાર સાથે જાણે વૃંદાવન જેવું વાતાવરણ ઊભું થયેલ. કૃષ્ણજન્મની ઉજવણી બાદ કૃષ્ણ સ્વરૂપ નાના બાળકો જે કૃષ્ણની વેશભૂષામાં આવેલ. તેમને ટોપલામાં લઈ જઈ દહી- હાંડી સુધી પહોંચાડવામાં આવેલ. ત્યાં બાળકોને યુવાનો દ્વારા મટકી ફોડ કાર્યક્રમ ખૂબ જ ઉત્સાહ સાથે થયેલ. ત્યારબાદ પંજરી અને માખણ મિસરીના પ્રસાદ સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય અને ઉલ્લાસમય બનેલ. આ કાર્યક્રમના સમૂહ ફરાળના દાતા શ્રી સંજયભાઈ કાતરિયા (પ્રમુખશ્રી આહીર સમાજ સાવરકુંડલા) તથા શ્રી ધર્મેન્દ્રભાઈકનાલા (ઉપપ્રમુખ શ્રી આહીર સમાજ સાવરકુંડલા) ડેકોરેશન અને સમીયાણાના દાતા શ્રી જયંતીભાઈ હડિયા (ખજાનચી શ્રીઆહીર સમાજ સાવરકુંડલા), ડીજેનાદાતા શ્રીનિલેશભાઈ યાદવ તથા શ્રી કિશનભાઈ યાદવ (સભ્યશ્રી સાવરકુંડલા આહીર સમાજ સમિતિ), પ્રસાદીના દાતાશ્રી ઘનશ્યામભાઈ કળસરિયા હતા.

કેન્દ્રીય જળશકિત મંત્રી સી.આર.પાટીલની અદયક્ષતામાં રેઈન વોટર હાર્વેસ્ટીંગનો જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

વરસાદી પાણીનો સંગ્રહ કરી ભવિષ્યની પેઢીને વારસામાં અખૂટ જળભંડાર આપીએઃ મંત્રી સી.આર.પાટીલ

દક્ષિણ ગુજરાતના સુરત સહિતના ચાર જિલ્લાના મંત્રીઓ, ધારાસભ્યો, સાંસદ સહિતના પદાધિકારી-અધિકારીઓ જોડાયા

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય જળશકિત મંત્રીશ્રી સી.આર.પાટીલની અધ્યક્ષતામાં દક્ષિણ ગુજરાતનાસુરત, નવસારી, વલસાડ, ડાંગ અને તાપી જિલ્લાના મંત્રીઓ, પદાધિકારી-અધિકારીઓની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય જળ મિશન હેઠળ 'કેચ ધ રેઈન', રેઈન વોટર હાર્વેસ્ટીંગ અંગે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. મેરિડીયન હોટલ ખાતે જળશકિત મંત્રાલયના નેજા હેઠળ આયોજિત કાર્યક્રમમાં કેન્દ્રીયમંત્રીશ્રીએ સૌને સાથે મળીને વરસાદરૂપી અમૃતના એક એક ટીપાને જમીનમાં સંગ્રહ કરવા માટેના ભગીરથ કાર્યમાં જોડાવાનો અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે, 'કેચ ધરેઈન'ના ધ્યેય સાથે જનભાગીદારીથી વરસાદના પાણીને ભૂગર્ભમાં ઉતારવાના સામૂહિક કાર્યનો આરંભ થઈ ચૂક્યોછે.

આપણા ઘર, મહોલ્લા, ગામ, શેરીઓ સુધી આ અભિયાનને લઈ જવાની હાંકલ કરતા તેમણે કહ્યું કે, દક્ષિણ ગુજરાતમાંરાજયનું ૬૫ટકાપાણી રહેલું છે. મધ્યપ્રદેશ અને રાજસ્થાનની ૨૦ નદીઓને જોડવાનું આયોજન કરવામાં આવ્યું છે. આપણે સાથે મળીને ભૂગર્ભ જળસંગ્રહના હેતુસાથે ૨૪,૮૦૦ બોર કરવા જઈ રહ્યા છીએ. જમીનના પેટાળમાં મોટી માત્રામાં પાણીના જથ્થાનો સંગ્રહ કરવાની તાકાતરહેલી છે. વરસાદી પાણીનો સંગ્રહ કરી ભવિષ્યની પેઢીને વારસામાં અખૂટ જળભંડાર આપવાનું આહ્વાન કરતાતેમણે કહ્યું કે, સમગ્ર વિશ્વની ૧૮ ટકા વસ્તી અને પશુધન ભારતમાં છે, જયારે પાણી માત્ર ચાર ટકા છે. આ ચાર ટકા પાણીનું વ્યવસ્થિત પ્લાનીંગ કરીશું તો ભવિષ્યમાં પાણીની સમસ્યા નહી રહે. પહેલાના સમયમાં લોકો પાણીની પરબ બંધાવતા હતા, જેથી તેનું ધાર્મિક મહત્વ પણ રહેલું છે. આગામી તા.૬ઠ્ઠીએ રેઈન વોટર હાર્વેસ્ટીંગ અંગેનો કાર્યક્રમ વડાપ્રધાનશ્રીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં સુરતના આંગણે થનાર છે, જેમાંપણ મોટી સંખ્યામાં સૌને હાજર રહેવાનો અનુરોધ કર્યો હતો. આપ્રસંગે વન અને પર્યાવરણ રાજય મંત્રીશ્રી મુકેશભાઈ પટેલેવોટર રિચાર્જીંગના કાર્યને સૌ સાથે મળીને જન આંદોલન રૂપે ઉપાડવાનો અનુરોધ કર્યો હતો. તાજેતરમાં ઓલપાડના દેલાડમાં ૧૩૬ બોર કરાયા હોવાનું જણાવી ઉમેર્યુ કે, અગાઉ આ ગામમાં ટીડીએસનું પ્રમાણ ૧૧૦૦થી ૧૨૦૦ હતું, જ્યાં બોર કર્યા બાદ ઘટીને ૬૦૦ ટીડીએસજેટલું થયુંહોવાનું તેમજ સમગ્ર ગુજરાતમાં ૧૪૮૦૦ બોર બંધ પડેલા છે, જેમાંથી ૧૦હજાર બોરને રિચાર્જ કરવા માટે ટેન્ડર પ્રસિધ્ધકર્યા હોવાનું તેમણે જણાવ્યું હતું. આ પ્રસંગે મ્યુ.કમિશનર શાલિનીઅગ્રવાલે જણાવ્યુંકે, રેઈન વોટર હાર્વેસ્ટીંગ વધુમાં વધુ લોકો સામેલ થાય તે માટે પાલિકા દ્વારા જનભાગીદારીનીપોલિસી બનાવી હતી, જેમાં૭૦ ટકાસરકાર, ૨૦ ટકા પદાધિકારીઓની ગ્રાંટ તથા ૧૦ ટકા પાલિકાના સ્વ-ભંડોળમાંથી આપવામાં આવે છે. આગામી સમયમાં દરેક ઝોન-વોર્ડ કક્ષાએ જનજાગૃતિ લાવીને સોસાયટીઓમાં, ઘરોમાં લોકો મહત્તમ વોટર રિચાર્જના કાર્યમાં જોડાય તે માટે કાર્યક્રમો કરવામાં આવનાર હોવાની વિગતો આપી હતી. આ ઉપરાંત ૨૦૩૮ જેટલી સરકારી પ્રિમાઈસીસમાં રેઈન વોટર હાર્વેસ્ટીંગની કામગીરી કરવામાં આવશે. એક થી દોઢ લાખના ખર્ચે કરોડોલિટર પાણીનો જથ્થો જમીનમાં સગ્રહ થાય તે માટેની જુદી જુદી ડિઝાઈન પાલિકા દ્વારા તૈયાર કરવામાં આવી છે. જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધીએ આગામી સમયમાં સુરત જિલ્લામાં ૨૦૩૧ જેટલા રેઈન વોટર હાર્વેસ્ટીંગના કાર્યો હાથ ધરવામાંઆવનાર છે એમ જણાવી ગામ, તાલુકા પંચાયતો સ્વ-ભંડોળમાંથી ઈન્ડસ્ટ્રીઝના સહકારથી જન ભાગીદારી સાથે વધુમાંવધુ પાણીનેસંગ્રહિત કરવા, વરસાદી પાણીને ભુગર્ભમાં ઉતારવા માટેની ઝુંબેશ હાથ ધરવામાં આવનારહોવાની વિગતો આપી હતી.

આ અવસરે નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ, ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિ, સાંસદ સર્વશ્રી મુકેશભાઈ દલાલ, પ્રભુભાઈ વસાવા, ધવલ પટેલ, મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી, દ.ગુજરાતના સુરત સહિત નવસારી, વલસાડ, તાપી અને ડાંગ જિલ્લાના ધારાસભ્યો, કલેકટરશ્રીઓ, જિલ્લા પંચાયતના પ્રમુખો અને પદાધિકારીઓ મોટી સંખ્યામાં જનજાગૃતિ સેમિનારમાં ઉપસ્થિત રહ્યાહતા.

કેન્દ્રિય મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી અન્નાપૂર્ણાદિવીએ સાતમાં "રાષ્ટ્રીય પોષણ માહ"ની ઉજવણીનો ગાંધીનગર, ગુજરાત ખાતેથી દેશવ્યાપી પ્રારંભ કરાવ્યો

આંગણવાડી કેન્દ્રમાં કેન્દ્રીય મંત્રીએ "એક પેડ માં કે નામ" અભિયાનની શરુઆત કરી, જે અંતર્ગત દેશભરના ૧૪ લાખ આંગણવાડી કેન્દ્રોમાં એક વૃક્ષ વાવવાનું અભિયાનનો શુભારંભ કરાશે

પોષણ માહ અંતર્ગત દેશભરમાં પોષણ આધારીત વિવિધ થીમ પર યોજાશે અનેકવિધ કાર્યક્રમો

અન્નપ્રાશન, સગર્ભા, ધાત્રી માતા અને કિશોરીઓને પોષણ બાસ્કેટ વિતરણ; વિવિધ યોજનાના લાભાર્થઓને સહાય વિતરણ પણ કરાયું

કમલમ્ ન્યુઝ,

સ્વસ્થભારતના નિર્માણની દિશામાં દેશની મહિલાઓ અને બાળકોમાં પોષણને સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા વર્ષે ૨૦૧૭-૧૮થી દર વર્ષે ભારતભરમાં સપ્ટેમ્બર માસને "રાષ્ટ્રીય પોષણ માહ" તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે પણ પ્રધાનમંત્રી શ્રીનરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ તા. ૧ થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન દેશભરમાં સાતમાં "રાષ્ટ્રીય પોષણ માહ"ની ઉજવણીનો પ્રારંભ થયો છે. ગાંધીનગર ખાતેથીકેન્દ્રિય મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી અન્નપૂર્ણા દેવી સાતમાં પોષણ માહની ઉજવણીનો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ કરાવ્યો. મહાત્મા મંદિર ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયા પણ ઉપસ્થિત રહ્યા. સાતમાં રાષ્ટ્રીય પોષણ માહના શુભારંભ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં મહાનુભાવોના વરદહસ્તે અન્નપ્રાશન, સગર્ભા, ધાત્રી માતા અને કિશોરીઓને પોષણ બાસ્કેટનુંવિતરણ કરવામાં આવ્યું. સાથે જ, રાજ્ય સરકારની વ્હાલીદીકરી યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, વિધવા પુનઃ લગ્ન આર્થિકસહાય યોજના તથા મહિલાસ્વાવલંબન યોજનાના લાભાર્થીઓને પણ સહાય વિતરણ કરવામાં આવી. સાતમા પોષણ માસના અવસરે, માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આહ્વાન પર "એક વૃક્ષ માતાના નામે" અંતર્ગત ૧૪ લાખ આંગણવાડી કેન્દ્રોમાં એક વૃક્ષ વાવવાનું અભિયાન પણ શરૂ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગેમહિલા અને બાળ વિકાસ કેન્દ્રીય મંત્રી અન્નપૂર્ણા દેવીએ કહ્યું કે, પ્રધાનમંત્રી મોદી હંમેશા મહિલાઓ અને બાળકો માટે હંમેશપ્રેરણા આપતારહ્યાંછે. અને બેટી બચાવો, બેટી પઢાવોના માધ્યમથી મહિલાઓના સશક્તિકરણ માટેમાર્ગદર્શન મળતું રહ્યું છે. આજે તેમના નેતૃત્વમાં મહિલાઓ, બાળકો, કિશોરી સ્વસ્થ અને સુરક્ષિત તેમજ પોષણ માટે પ્રતિબદ્ધ છે. અન્નપૂર્ણાદેવીએ કહ્યું કે, પોષણએ એકએવોશબ્દ છે જે પોતાની અંદર અનેક પરિમાણો ધરાવે છે. પોષણમાં માત્ર પર્યાપ્ત અને સંતુલિત ખોરાક અને પાણીનો સમાવેશ થતો નથી, પરંતુ સંતુલિત શરીર અને મનનો પણ સમાવેશ થાય છે. આપણા ઉપનિષદોમાં લખ્યું છે, એટલે કે જ્યારે આપણો આહાર શુદ્ધ હશે, ત્યારે આપણી ચેતના પણ શુદ્ધ હશે. તેથી જ મેં કહ્યું કે પોષણ એ માત્ર એક શબ્દ નથી, પરંતુતે પોતાની અંદર અનેક પરિમાણોને સમાવે છે. પોષણના મહત્વને ઓળખીને, માનનીય પ્રધાનમંત્રીના માર્ગદર્શન હેઠળ, ભારત સરકારે પોષણ માસની શરૂઆત કરીછે, જેની આ સાતમી આવૃત્તિ છે. તેના લોન્ચનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતના સામાન્ય લોકોમાં, ખાસ કરીને અમારા મહિલા મિત્રોમાં પોષણ વિશે જાગૃતિ વધારવાનો છે. જો આપણી મહિલા સહકર્મીઓને પોષણ વિશે જાગૃત કરવામાં આવેતો તેના ઘણા ફાયદા થશે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે, આંગણવાડી કેન્દ્રો પર લગભગ ૬.૪૨ લાખ પોષણ બગીચા વિકસાવવામાં આવ્યા છે જેથી કરીને સ્થાનિક તાજા શાકભાજી, ફળો, ઔષધીય છોડ અને વનસ્પતિઓ આપણા લાભાર્થીઓને સરળતાથી મળી રહે. આંગણવાડી કેન્દ્રોનેમજબૂત કરવામાટે, સક્ષમ આંગણવાડી અને મિશન પોષણ ૨.૦ હેઠળ, ૧ લાખ ૩૬ હજારથી વધુ આંગણવાડી કેન્દ્રોને સક્ષમ આંગણવાડીમાં અપગ્રેડ કરવાની મંજૂરી આપવામાં આવી છે. ઉપરાંત, પૂરક પોષણ કાર્યક્રમ હેઠળ પૂરા પાડવામાં આવતા ખોરાકની પોષક ગુણવત્તા વધારવા માટે, બાજરી વગેરેને વાનગીઓમાં સામેલ કરવાની સલાહ આપવામાં આવી છે. કેન્દ્રીય મંત્રી અન્નપૂર્ણા દેવીએ કહ્યું કે, ગયા રવિવારે જ, માનનીય પ્રધાનમંત્રીએ "મન કી બાત" કાર્યક્રમમાંતેમના સંબોધનમાં પોષણ મહિના અને તેના મહત્વ વિશે વિગતવાર ચર્ચા કરી હતી. તેમણે કહ્યુંકે, "બાળકોનું પોષણ એ દેશની પ્રાથમિકતા છે. જો કે અમે આખા વર્ષ દરમિયાન તેમના પોષણ પર ધ્યાન આપીએ છીએ, પરંતુ એક મહિના માટે તેના પર વિશેષધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. આ માટે દર વર્ષે ૧લી સપ્ટેમ્બરથી ૩૦સપ્ટેમ્બરની વચ્ચે પોષણ મહિનો ઉજવવામાંઆવે છે. તમારા વિસ્તારમાં પોષણ જાગૃતિ અભિયાનમાંજોડાઓ." માનનીય પ્રધાનમંત્રીના આ વિચારો બાળકો અનેમાતાઓ અનેબહેનોના સંપૂર્ણ સ્વાસ્થ્ય અને પોષણપ્રત્યેના તેમના સંકલ્પને દર્શાવે છે.

અન્નપૂર્ણાદેવીએ કહ્યું કે, આ વર્ષના પોષણ માસના છ મહત્વના પરિમાણો છે -

- એનિમિયા અંગે જાગૃતિ
- ગ્રોથ મોનીટરીંગ
- પોષણ તેમજ શિક્ષણ
- યોગ્યઆહાર પૂરવણીઓ
- ટેકનોલોજી આધારિત પારદર્શિતા પર્યાવરણીય સંરક્ષણ

અન્નપૂર્ણા દેવીએ કહ્યું કે, બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને, ભારત સરકારે હવે આંગણવાડી કેન્દ્રોમાં "પોષણ પણ શિક્ષણ પણ" કાર્યક્રમ શરૂ કર્યો છે, જેના દ્વારા પોષણની સાથે સાથે શિક્ષણ પણ આપવામાં આવે છે. તેની સુચારૂ કામગીરી માટે આંગણવાડી કાર્યકરોને ખાસ તાલીમ આપવામાં આવી રહી છે. આગામી બે વર્ષમાં અમે તમામ આંગણવાડી કાર્યકરોને તાલીમ આપીશું અને તેમને માત્ર અમારા નાના બાળકો માટે માત્ર અન્ન પ્રદાતા જ નહીં પરંતુ શિક્ષક પણ બનાવીશું. "કોઈ બાળક પાછળ ન રહે" ના મંત્રને ધ્યાનમાં રાખીને, મિશન વાત્સલ્ય યોજના મુશ્કેલ સંજોગોમાં સંઘર્ષ કરતા બાળકોના રક્ષણ અને સંતુલિત વિકાસની ખાતરી કરે છે. આ સાથે આંગણવાડી નેટવર્કમાં વિકલાંગ બાળકોને સમાવવા માટે મહિલા અને બાળ વિકાસ દ્વારા વિકલાંગ બાળકો માટે આંગણવાડી પ્રોટોકોલ વિકસાવવામાં આવ્યોછે. તે સંપૂર્ણ તબીબી મોડેલને બદલે વિકલાંગતાના સામાજિક મોડલને અપનાવેછે. અન્નપૂર્ણાદેવીએ આજે આ સાતમા પોષણ માસના અવસરે, માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આહ્વાન પર, અમે "એક પેડ માં કે નામ" અંતર્ગત ૧૪ લાખ આંગણવાડી કેન્દ્રોમાં એક વૃક્ષ વાવવાનું અભિયાન પણ શરૂ કરી રહ્યા હોવાનું જણાવ્યું. કેન્દ્રીય મંત્રીએ કહ્યુંકે, જો તમે "એક પેડ માં કે નામ" વાક્યના શબ્દરચના પર ધ્યાન આપોછો, તો તમે જોશો કે તેમાં એક માતા છે, અને પ્રકૃતિના સ્વરૂપમાં એક વૃક્ષ પણ છે. આપણે બાળપણથી એક કહેવત સાંભળતા આવ્યા છીએ કે એટલે કે પૃથ્વી આપણી માતા છે, અને આપણે બધા તેના બાળકો છીએ. પોષણ અભિયાન વર્ષ ૨૦૧૭-૧૮માં શરૂ કરાઈ હતી, ત્યારથી અત્યાર સુધીમાં કુલ છ પોષણ માસની ઉજવણી કરવામાં આવી છે, જેમાં ગુજરાત દરેક વર્ષે અગ્રેસર રહ્યુ છે. ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ના "રાષ્ટ્રીય પોષણ માહ"ની ઉજવણીનું આયોજન વિવિધ થીમ આધારિત કરાશે. જેમાં એનિમિયા, વૃદ્ધિ દેખરેખ (ગ્રોથમોનીટરીંગ), પૂરક આહાર, પોષણ ભી પઢાઈ ભી **(PBPB)**, સુશાસન, પારદર્શિતા અને કાર્યક્ષમ સેવાપહોંચાડવા માટે ટેકનોલોજી તથા સર્વગ્રાહી પોષણ કે જે પોષણ સાથે જોડાયેલા તમામ આવશ્યક તત્વોનેઆવરી લેછે. આ થીમ આધારિત વિવિધ પ્રવૃત્તિઓ ગુજરાત સહિત સમગ્ર દેશમાં આયોજિત કરાશે. પોષણ અભિયાન દ્વારા સગર્ભા મહિલાઓ, ધાત્રી માતાઓ, કિશોરીઓ અને ૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં પોષણના પરિણામોને સર્વગ્રાહી રીતે સુધારવાનો પ્રયાસ કરવામાં આવે છે. મિશન સક્ષમઆંગણવાડી અને પોષણ ૨.૦, એક સંકલિત પોષણ સહાય કાર્યક્રમ છે, જે આંગણવાડીની સેવાઓ, કિશોરીઓ માટેની યોજના અને પોષણ અભિયાનને નિર્દેશીતકરે છે.

ભારે વરસાદની આફત બાદ યુદ્ધના ધોરણે રિસ્ટોરેશનની કામગીરી કરીને ૨૪ કલાકમાં કચ્છને ફરીથી ધમધમતું કરાશે : પ્રભારીમંત્રીશ્રી પ્રફૂલભાઈ પાનશેરિયા

રોડ રસ્તા, વીજ પુરવઠાના પુનઃસ્થાપન સહિત રિસ્ટોરેશન કામગીરી આગામી ૨૪ કલાકમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક

કેશડોલ, ઘરવખરી, મકાન ધરાશાયી, પશુ મૃત્યુ અને કૃષિ નુકસાનીની સહાય ચૂકવવા માટે સર્વે કામગીરીનો પ્રારંભ

કચ્છમાં વરસાદી આફત બાદ આગામી ૨૪ કલાકમાં જ જનજીવન સામાન્ય બને તે માટે કચ્છ જિલ્લા વહીવટીતંત્ર પ્રતિબદ્ધ

ભારે નુકશાની હોય તેવા રસ્તાઓ સહિત જાહેર માળખાકીય સુવિધાઓને ૪૮ કલાકમાં જ શરૂ કરવાના લક્ષ્યાંક સાથે કામ કરશે 'ટીમ કચ્છ'

કમલમ્ ન્યુઝ,ભુજ

કચ્છ જિલ્લામાં ભારે વરસાદથી અસરગ્રસ્ત તાલુકાની જાત મુલાકાત લઈને આજરોજ કલેક્ટર કચેરીખાતેપ્રભારીમંત્રીશ્રી પ્રફૂલભાઈ પાનશેરિયાએ સમીક્ષા બેઠક યોજીહતી. ડીપડીપ્રેશન અને વાવાઝોડાની અસરના લીધે પડેલા ભારે વરસાદ બાદ જનજીવન ઝડપથી સામાન્ય થાય, નાગરિકોને નુકશાની સહાયનુંઝડપથીવિતરણ થાયઅને વીજ પુરવઠો પુનઃસ્થાપિત થાય તેમજ રોગચાળો ફાટે નહીં તે માટે આરોગ્યલક્ષી પગલાતુરંત જ લેવામાં આવે એ બાબતે પ્રભારીમંત્રીશ્રી પ્રફૂલભાઈ પાનશેરિયાએ જિલ્લા વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે બેઠક યોજી હતી. કચ્છમાડુઓના ખમીરને બિરદાવીને પ્રભારીમંત્રીશ્રીએ સરકારને સહયોગ આપવા માટે જાહેરજનતાનો આભાર માન્ય હતો. આ સાથે સમયસૂચકતા દાખવીને યુદ્ધના ધોરણે રાહત બચાવની કામગીરી કરવા પદાધિકારીશ્રીઓ સહિત જિલ્લા વહીવટીતંત્રના અધિકારીશ્રીઓની ટીમ કચ્છને અભિનંદન પાઠવ્યા હતા. પ્રભારીમંત્રીશ્રીએ કચ્છ જિલ્લામાં ભારે વરસાદની આફત બાદ યુદ્ધના ધોરણે ૨૪ કલાકમાં રિસ્ટોરેશનની કામગીરી કરીને કચ્છને ધમધમતું કરવાઉપર ભાર મૂક્યો હતો. કચ્છમાં ખાસ કરીને કનેક્ટિવિટી માટે રોડ રસ્તાઓનું રિપેરિંગ, વીજ પુરવઠાનું પુનઃસ્થાપન અને રોગચાળો ફાટે નહીં તે માટે આરોગ્યલક્ષી પગલાઓ લેવા અધિકારીશ્રીઓને સૂચના આપીહતી. સતત વરસાદી માહોલ બાદ નુકશાનીના પ્રાથમિક સર્વેની વિગતો અધિકારીશ્રીઓની પાસેથી મેળવીને પ્રભારીમંત્રીશ્રીએ ખૂબ જ ઝડપથી વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરીને અસરગ્રસ્ત નાગરિકોને સહાયનીચૂકવણી કરવા તાકીદ કરી હતી. પ્રભારીમંત્રીશ્રીએ ભારે વરસાદ અને પવનના લીધે જિલ્લામાં પશુમરણ, મકાન ધરાશયી, ઘરવખરીનુકશાની અને કૃષિમાં અંદાજિત નુકશાનીનો પ્રાથમિકઅહેવાલ અધિકારીશ્રીઓ પાસેથી માંગીને ઝડપથી સર્વેની કામગીરી પૂર્ણ કરવા સૂચના આપી હતી. કચ્છના અસરગ્રસ્ત વિસ્તારોમાં સર્વેની કામગીરીમાં વિલંબ પડે નહીં તે માટે બહારના જિલ્લામાંથી ટીમો ફાળવવા પણ રાજય સરકાર પ્રતિબદ્ધ છે તેમ પ્રભારીમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું. વરસાદી આફતદરમિયાન કચ્છના આરોગ્ય વિભાગે સમયસૂચકતાથી કચ્છ જિલ્લામાં ૨૨૬ સગર્ભા મહિલાઓની સરકારી મેડિકલ ફેસિલિટિઝમાં ડિલિવરી કરાવવામાં આવી તે વાતનો પ્રભારીમંત્રીશ્રીએ આનંદ વ્યક્ત કર્યોહતો. કચ્છ મોરબી સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા અને ભુજ ધારાસભ્યશ્રી કેશુભાઈ પટેલે બેઠકમાં સર્વેની કામગીરી અને સહાયની ચૂકવણી ઝડપથી કરવા જિલ્લા કલેક્ટરશ્રીનેઅનુરોધ કર્યો હતો. સર્વેકામગીરી યુદ્ધના ધોરણે કરવામાં આવશે અને વહીવટી પ્રક્રિયા અનુસરીને અસરગ્રસ્તોને વહેલીતકે સહાયની ચૂકવણી કરાશે તેમ જિલ્લાકલેક્ટરશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. અસરગ્રસ્ત વિસ્તારોમાં આગામી ૨૪થી ૪૮ કલાકમાં વરસાદની પાણી ઓસરી ગયા બાદ રિસ્ટોરેશનની કામગીરી યુદ્ધના ધોરણે કરવામાંઆવશે તેમ જિલ્લા કલેકટરશ્રીએજણાવ્યું હતું. આ બેઠકમાં પીજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રીમતિ પ્રીતિ શર્મા, પૂર્વઅને પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષકશ્રી સાગર બાગમાર, નિવાસી અધિક કલેક્ટર શ્રી મિતેશ પંડ્યા, ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી નિકુંજ પરીખ, માર્ગ અને મકાન રાજ્યના અધિક્ષક ઈજનેરશ્રી વી.એન.વાઘેલા, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી કિરણસિંહ વાઘેલા, જિલ્લા બાગાયત અધિકારીશ્રી મનિષ પરસાણિયા, જિલ્લા પશુપાલન અધિકારીશ્રી ડી.ડી.પટેલ, નાયબ માહિતી નિયામકશ્રી મિતેષ મોડાસિયા, મુખ્ય જિલ્લાઆરોગ્ય અધિકારીશ્રી ડૉ. આર.આર.ફૂલમાલી, નાયબ જિલ્લા વિકાસઅધિકારીશ્રી સંજય ચૌધરી, ભુજ નગરપાલિકા ચીફ ઓફિસરશ્રી જીગર પટેલ, પાણી પુરવઠાના મુખ્ય ઈજનેરશ્રી પી.એમ.નાગર, ડિઝાસ્ટર મામલતદારશ્રી ચિરાગ નિમાવત સહિત જિલ્લા વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે જિલ્લાના તમામ પ્રાંત અધિકારીશ્રીઓ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી બેઠકમાં હાજર રહ્યા હતા.

કમલમ્ ન્યુઝ,

મહિસાગર જીલ્લાના લુણાવાડા ખાતે સંતરામપુર વિધાનસભા, કેબિનેટ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર ના અદયક્ષ સ્થાને જિલ્લામાં પડેલ ભારે વરસાદના કારણે થયેલ નુકશાન અંતર્ગત જીલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલ કામગીરી અંગે સમીક્ષા બેઠક યોજાઇ. આ તકે જિલ્લા કલેક્ટર શ્રીમતી નેહા કુમારી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી સી. એલ. પટેલ, નિવાસી અધિક કલેક્ટરશ્રી સી. વી લટા, લુણાવાડા પ્રાંત અધિકારીશ્રી આનંદ પાટીલ, ડિઝાસ્ટર મામલતદારશ્રી સહિત સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રધાનમંત્રીએ વીડિયો કોન્ફરન્સિંગ મારફતે વંદે ભારતની ત્રણ ટ્રેનોને લીલી ઝંડી આપી

"રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર (એનસીઆર) આધુનિક ટ્રેનો, એક્સપ્રેસવેના નેટવર્ક અને હવાઈ સેવાઓના વિસ્તરણ સાથે દેશના માળખાગત સુવિધાને બદલવાના પ્રધાનમંત્રી ગતિશક્તિના વિઝનનું ઉદાહરણ બની રહ્યું છે"

"દેશમાં વંદે ભારત ટ્રેનોના આધુનિકીકરણ અને વિસ્તરણ સાથે રાષ્ટ્ર વિકસિત ભારતના લક્ષ્ય તરફ આગળ વધી રહ્યું છે."

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ મારફતે ત્રણ વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી આપી હતી. પ્રધાનમંત્રીના 'મેક ઈન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત'ના વિઝનને સાકાર કરીને અત્યાધુનિક વંદે ભારત એક્સપ્રેસ મેરઠ- લખનઉ, મદુરાઈ- બેંગલુરુ અને ચેન્નાઈ- નાગરકોઈલ એમ ત્રણ માર્ગો પર કનેક્ટિવિટીમાં સુધારો કરશે. આ ટ્રેનોથી ઉત્તર પ્રદેશ, તમિલનાડુ અને કર્ણાટકમાં કનેક્ટિવિટીને વેગ મળશે. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ભારતની ઉત્તરથી દક્ષિણ સુધીની વિકાસયાત્રામાં એક નવો અધ્યાય લખાઈ રહ્યો છે, કારણ કે મદુરાઈ – બેંગાલુરુ, ચેન્નાઈ–નાગરકોઈલ અને મેરઠ – લખનઉ વંદે ભારત ટ્રેનોને આજે લીલી ઝંડી આપવામાં આવી છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, દેશમાં વંદે ભારત ટ્રેનોના આધુનિકીકરણ અને વિસ્તરણ સાથે દેશ વિકસિત ભારતનાં લક્ષ્યાંક તરફ આગેકૂચ કરી રહ્યો છે. આજે ત્રણ નવી વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી આપીને રવાના કરવામાં આવી રહી છે તેનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, આ ટ્રેનોએ દેશનાં મહત્ત્વપૂર્ણ શહેરો અને ઐતિહાસિક શહેરોને કનેક્ટિવિટી પ્રદાન કરી છે. "ટેમ્પલ સિટી મદુરાઈ હવે આઈટી સિટી બેંગલુરુ સાથે જોડાઈ ગયું છે." પીએમ મોદીએ કહ્યું કે, આનાથી કનેક્ટિવિટી સરળ થશે, ખાસ કરીને સપ્તાહના અંતે અથવા તહેવારોના સમય ગાળા દરમિયાન, પરંતુ યાત્રાળુઓ માટે પણ ખૂબ ફાયદાકારક રહેશે. ચેન્નાઈ- નાગરકોઈલ માર્ગથી વિદ્યાર્થીઓ, ખેડૂતો અને આઈટી વ્યાવસાયિકોને ભારે લાભ થશે શ્રી મોદીએ વંદે ભારત ટ્રેન સાથે જોડાયેલાં સ્થળોમાં પ્રવાસનની વૃદ્ધિની નોંધ લીધી હતી અને કહ્યું હતું કે, આ ક્ષેત્રમાં વેપાર-વાણિજ્ય અને રોજગારીની તકોમાં વૃદ્ધિ સૂચવે છે. તેમણે ત્રણ નવી વંદે ભારત ટ્રેનો પર નાગરિકોને અભિનંદન પાઠવ્યા હતા. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, વિકસિત ભારતનાં લક્ષ્યાંકને હાંસલ કરવા દક્ષિણનાં રાજ્યોનો ઝડપી વિકાસ અતિ આવશ્યક છે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, "દક્ષિણ ભારત અપાર પ્રતિભા, સંસાધનો અને તકોની ભૂમિ છે." તેમણે નોંધ્યું હતું કે, સમગ્ર દક્ષિણ ભારતની સાથે તમિલનાડુનો વિકાસ સરકારની પ્રાથમિકતા છે. તેમણે કહ્યું કે રેલવેની વિકાસ યાત્રા સરકારની પ્રતિબદ્ધતાનું ઉદાહરણ છે. તેમણે માહિતી આપી હતી કે, આ વર્ષે તમિલનાડુનાં રેલવે બજેટ માટે રૂ. ૬૦૦૦ કરોડથી વધારેની ફાળવણી કરવામાં આવી છે, જે વર્ષ ૨૦૧૪ની સરખામણીએ ૭ ગણી વધારે છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે તમિલનાડુમાં વંદે ભારત ટ્રેનોની કુલ સંખ્યા આજથી ૮ થઈ જશે. એ જ રીતે આ વર્ષના બજેટમાં કર્ણાટક માટે ૭૦૦૦ કરોડથી વધુનું બજેટ ફાળવવામાં આવ્યું છે જે ૨૦૧૪ની સરખામણીએ ૯ ગણું વધારે છે. તેમણે ઉમેર્યું હતું કે, અત્યારે ૮ વંદે ભારત ટ્રેનો કર્ણાટકને જોડે છે. પ્રધાનમંત્રીએ ભૂતકાળનાં અંદાજપત્રો સાથે સમાનતાઓ દોરી હતી અને કહ્યું હતું કે, અનેક ગણો વધારો થવાથી તમિલનાડુ અને કર્ણાટક સહિત દક્ષિણ ભારતનાં રાજ્યોમાં રેલવે ટ્રાફિક વધારે મજબૂત થયો છે. તેમણે જણાવ્યું હતું કે, રેલવે ટ્રેકમાં સુધારો થઈ રહ્યો છે, રેલવે ટ્રેકનું ઈલેક્ટ્રિફિકેશન થઈ રહ્યું છે અને રેલવે સ્ટેશનોનું આધુનિકીકરણ થઈ રહ્યું છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, તેનાથી લોકોનાં જીવનની સરળતામાં વધારો થયો છે અને વેપાર-વાણિજ્યની સરળતાનો માર્ગ પણ બન્યો છે. મેરઠ-લખનઉ રુટ પર નવી વંદે ભારત ટ્રેન શરૂ થવા પર પ્રકાશ પાડતા શ્રી મોદીએ પશ્ચિમ ઉત્તરપ્રદેશનાં લોકોને આ માટે અભિનંદન આપ્યાં હતાં. તેમણે ઉમેર્યું હતું કે, ક્રાંતિની ભૂમિ મેરઠ અને પશ્ચિમ ઉત્તરપ્રદેશનાં વિસ્તારમાં આજે વિકાસની નવી ક્રાંતિ જોવા મળી રહી છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, જ્યારે આરઆરટીએસએ મેરઠને રાષ્ટ્રીય રાજધાની નવી દિલ્હી સાથે જોડવામાં મદદ કરી છે, ત્યારે હવે વંદે ભારત શરૂ થવાની સાથે રાજ્યની રાજધાની લખનઉનું અંતર પણ ઓછું થઈ ગયું છે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે, "પ્રધાનમંત્રી ગતિશક્તિનું વિઝન આધુનિક ટ્રેનો, એક્સપ્રેસવેનું નેટવર્ક અને હવાઈ સેવાઓનાં વિસ્તરણ સાથે દેશનાં માળખાગત સુવિધામાં કેવી રીતે પરિવર્તન લાવશે એનું ઉદાહરણ રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર (એનસીઆર) બની રહ્યું છે."

પીએમ મોદીએ કહ્યું, "વંદે ભારત ભારતીય રેલવેના આધુનિકીકરણનો નવો ચહેરો છે." તેમણે દરેક શહેર અને દરેક રૂટ પર વંદે ભારતની માંગ પર પ્રકાશ પાડ્યો હતો અને કહ્યું હતું કે, હાઈ-સ્પીડ ટ્રેનોના આગમનથી લોકોમાં તેમના વ્યવસાય અને રોજગાર અને તેમના સપનાને વિસ્તૃત કરવાનો વિશ્વાસ પેદા થયો છે. તેમણે માહિતી આપી હતી કે, "આજે દેશભરમાં ૧૦૨ વંદે ભારત રેલ સેવાઓનું સંચાલન થઈ રહ્યું છે અને અત્યાર સુધીમાં આ ટ્રેનોમાં ૩ કરોડથી વધારે લોકોએ મુસાફરી કરી છે." તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ સંખ્યા વંદે ભારત ટ્રેનની સફળતાનો પુરાવો હોવાની સાથે ભારતની આકાંક્ષાઓ અને સ્વપ્નોનું પ્રતીક પણ છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આધુનિક રેલવે માળખું વિકસિત ભારતનાં વિઝનનો મજબૂત આધારસ્તંભ છે. આ ક્ષેત્રમાં ઝડપી પ્રગતિની રૂપરેખા આપતા પ્રધાનમંત્રીએ રેલવે લાઈનોને બમણી કરવા અને ઈલેક્ટ્રિફિકેશન કરવા, નવી ટ્રેનો દોડાવવા અને નવા રૂટના નિર્માણનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે માહિતી આપી હતી કે આ વર્ષના બજેટમાં રેલવેને ૨.૫ લાખ કરોડ રૂપિયાથી વધુની ફાળવણી કરવામાં આવી છે અને સરકાર તેની જૂની છબીને બદલવા માટે ભારતીય રેલવેને હાઈટેક સેવાઓ સાથે જોડી રહી છે. વિસ્તરણ યોજનાઓ વિશે વાત કરતાં પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, વંદે ભારતની સાથે અમૃત ભારત ટ્રેનોનું પણ વિસ્તરણ થઈ રહ્યું છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વંદે ભારતના સ્લીપર વર્ઝનને ખૂબ જ ટૂંક સમયમાં ફ્લેગ ઓફ કરવામાં આવનાર છે. તેમણે લોકોની સુવિધા માટે નમો ભારત ટ્રેનો દોડાવવાની વાત પણ કરી હતી અને શહેરોમાં ટ્રાફિકની સમસ્યાનો સામનો કરવા માટે ટૂંક સમયમાં વંદે મેટ્રો શરૂ કરવામાં આવશે. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, ભારતીય શહેરોની ઓળખ હંમેશા તેમનાં રેલવે સ્ટેશનો દ્વારા કરવામાં આવે છે. તેમણે ઉમેર્યું હતું કે, અમૃત ભારત સ્ટેશન યોજના સાથે રેલવે સ્ટેશનોમાં સુધારો થયો છે, ત્યારે શહેરોને નવી ઓળખ મળી છે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે, "દેશમાં ૧૩૦૦થી વધારે રેલવે સ્ટેશનોનું નવીનીકરણ થઈ રહ્યું છે, જેમાંથી કેટલાંકનું એરપોર્ટ જેવું નિર્માણ થઈ રહ્યું છે." વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, નાનામાં નાના સ્ટેશનોને પણ અત્યાધુનિક સુવિધાઓ સાથે વિકસાવવામાં આવી રહ્યા છે, જેના પરિણામે ઈઝ ઓફ ટ્રાવેલમાં વધારો થશે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "જ્યારે રેલવે, રોડવેઝ અને જળમાર્ગો જેવી કનેક્ટિવિટી માળખાગત સુવિધાઓ મજબૂત થાય છે, ત્યારે દેશ મજબૂત થાય છે." પ્રધાનમંત્રીએ ઉમેર્યું હતું કે, તેનાથી દેશનાં સામાન્ય નાગરિકોને લાભ થાય છે, પછી તે ગરીબ હોય કે મધ્યમ વર્ગ. તેમણે નોંધ્યું હતું કે, અત્યારે દેશમાં આધુનિક માળખાગત સુવિધાનાં વિકાસનો સાક્ષી છે, ત્યારે ગરીબો અને મધ્યમ વર્ગને સશક્ત કરવામાં આવી રહ્યો છે. તેમણે રોજગારીની તકોમાં વધારો અને માળખાગત સુવિધાઓના વિસ્તરણ સાથે ગામડાઓ સુધી પહોંચવાની નવી તકોનું ઉદાહરણ આપ્યું હતું. પીએમ મોદીએ ગામડાઓમાં નવી સંભાવનાઓના આગમન માટે સસ્તા ડેટા અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો શ્રેય પણ આપ્યો હતો. "જ્યારે હોસ્પિટલો, શૌચાલયો અને પાકા મકાનો રેકોર્ડ સંખ્યામાં બનાવવામાં આવે છે, ત્યારે ગરીબમાં ગરીબ વ્યક્તિને પણ દેશના વિકાસનો લાભ મળે છે. જ્યારે કોલેજો, યુનિવર્સિટીઓ અને ઉદ્યોગ જેવી માળખાગત સુવિધાઓનો વિકાસ થાય છે, ત્યારે તે યુવાનોની પ્રગતિની સંભાવનામાં પણ વધારો કરે છે." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આવા અનેક પ્રયાસોને કારણે છેલ્લા ૧૦ વર્ષમાં ૨૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવી શક્યા છે. સંબોધનના સમાપનમાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, રેલવેએ વર્ષોથી દાયકાઓ જૂની સમસ્યાઓનું સમાધાન કરવાની આશા વ્યક્ત કરવા સખત મહેનત કરી છે. તેમણે સ્વીકાર્યું કે ભારતે આ દિશામાં આગળ વધવા માટે લાંબી મજલ કાપવાની છે અને વચન આપ્યું હતું કે જ્યાં સુધી ભારતીય રેલવે ગરીબ હોય કે મધ્યમ વર્ગ દરેક માટે આરામદાયક મુસાફરીની ખાતરી નહીં આપે ત્યાં સુધી તે અટકશે નહીં. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, દેશમાં માળખાગત વિકાસ ગરીબી નાબૂદ કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. શ્રી મોદીએ અંતમાં જણાવ્યું હતું કે, "હું ફરી એક વખત તમિલનાડુ, કર્ણાટક અને ઉત્તરપ્રદેશનાં લોકોને ત્રણ નવી વંદે ભારત ટ્રેનો માટે અભિનંદન આપું છું."

આ પ્રસંગે કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ, ઉત્તરપ્રદેશનાં રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલ, તમિલનાડુનાં રાજ્યપાલ શ્રી આર એન રવિ અને ઉત્તરપ્રદેશનાં મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથ સહિત અન્યો વર્ચ્યુઅલ રીતે ઉપસ્થિત રહ્યાં હતાં.

"વિકસિત ભારતના લક્ષ્યને પૂર્ણ કરવા માટે દક્ષિણના રાજ્યોનો ઝડપી વિકાસ અનિવાર્ય છે"

કમલમ્ ન્યુઝ,

મહીસાગર જિલ્લા માં ભારે વરસાદને પગલે વિવિધ વિસ્તારોમાં ભરાયેલા પાણી ઓસર્યા બાદ કેબિનેટ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોરએ સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરી છે. તાત્કાલિક ધોરણે મહીસાગર જિલ્લા પંચાયત હસ્તકના માર્ગ અને મકાન વિભાગને સુચના આપી હતી જેને પંચાયત આર & બીના અધિકારીઓ દ્વારા યુદ્ધ ના ધોરણે સમારકામ કરાવી પુનઃ ચાલુ કરવ્યા સાફ-સફાઈની કામગીરી, રસ્તા પરથી અને રસ્તાના કાંઠેથી કાદવ-કીચડ હટાવવામાં અને ગટરની કેચપીટોને સાફ કરવવા જેવા સુચનો મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર દ્વારા આપવામાં આવ્યા.

નેત્રંગ તાલુકાનાં સામજિક આગેવાન ઉર્મિલાબેન દલુભાઈ વસાવા એ અનોખી રીતે પોતાના જન્મદિવસની ઉજવણી કરી

નેત્રંગ તાલુકાનાં સામજિક આગેવાન ઉર્મિલાબેન દલુભાઈ વસાવા નો જન્મદિવસ નિમિત્તે ઊંડી પ્રાથમિક શાળા તથા આંગણવાડીના બાળકોને જમાડીને અનોખી રીતે પોતાના જન્મદિવસની ઉજવણી કરી

કમલમ્ન્યુઝ,સંકેત પંચાલ

નેત્રંગ તાલુકાના આગેવાન અને સેવા કાર્યમાં પણ હંમેશા પર રહેનાર એવા ઉર્મિલાબેન દલુભાઈ વસાવા આજે ૬૧ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા હોય તે નિમિત્તે પોતાના પોતાનાં માદેવ વતન ઊંડી ખાતે આંગણ વાડી ના નાના ભૂલકાઓ અને ઊંડી પ્રાથમિક શાળાના બાળકો ને જમાડીને પોતાના જન્મદિવસની અનોખી રીતે ઉજવણી કરી ઉર્મિલાબેન કેદારનાથ તથા અમરનાથ જેવા દિવ્ય સ્થાનો ના દર્શન અર્થે હંમેશા લોકોને પોતાના દ્વારા ખર્ચ કરીને દર્શનાર્થે લઈ જાય છે અને ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષા ના ટાઈમે બાળકોને મફતમાં અસાઈમેન્ટ આપીને બાળકોને પરીક્ષામાં પણ મદદરૂપ બનતા રહે છે શિયાળાના સમયમાં ગરીબ લોકોને ઘણા સમયથી ધાબળા પણ વિતરણ કરતા આવ્યા છે આવા સત્કાર્યો થકી ઉર્મિલાબેન હંમેશા માનવતા મહેકાવતા રહે છે

અમદાવાદના કઠવાડા સ્થિત ૧૮૧-અભયમ્ મહિલા હેલ્પલાઈન રિસ્પોન્સ સેન્ટરની મુલાકાત લેતાં કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી અન્નપૂર્ણા દેવી

રાજ્યના મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરિયાની પ્રોત્સાહક ઉપસ્થિતિ

મહિલાઓની સામાજિક સુરક્ષા નિશ્ચિત કરવાની દિશામાં ગુજરાત સરકારની આ હેલ્પલાઇન મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી રહી હોવાનો સંતોષ વ્યક્ત કરતાં કેન્દ્રીય મંત્રીશ્રી

વર્ષ ૨૦૧૪થી અત્યાર સુધીમાં કુલ ૩,૦૩,૩૦૫થી વધારે કિસ્સામાં પીડિતાઓને ઘટનાસ્થળે સહાય અપાઈ : ૧,૯૧,૫૨૩થી વધારે પીડિતાઓના પરિવારોને બચાવાયા

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી અન્નપૂર્ણા દેવીએ રાજ્યનાં મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરિયા સાથે અમદાવાદના કઠવાડા સ્થિત EMRI GHS સંચાલિત ૧૮૧-અભયમ મહિલા હેલ્પલાઈન રિસ્પોન્સ સેન્ટર ની મુલાકાત લીધી હતી. જ્યાં મંત્રીશ્રીએ મહિલાઓની સુરક્ષા અને સલામતી માટે કાર્યરત સમગ્ર દેશમાં સૌ પ્રથમ એવી ગુજરાતની ૧૮૧ હેલ્પલાઈન ની અદ્યતન ટેકનોલોજી, કાર્યપ્રણાલી, તાલીમબદ્ધ કર્મચારીઓ તથા અભયમ્ વાનની રૂબરૂ મુલાકાત લઈ, ઊંડાણપૂર્વક માહિતી મેળવી હતી. આ હેલ્પલાઈન દ્વારા મુશ્કેલ સંજોગોમાં મુકાયેલી, હિંસા કે અત્યાચારનો ભોગ બનેલી, ઘરેલુ અત્યાચાર, કામના સ્થળે કે અન્ય કોઈ સ્થળે જાતીય સતામણી, છેડતી, ભ્રૂણ હત્યા, સાયબર ગુનાનો ભોગ બનનારી મહિલાઓની સામાજિક સુરક્ષા નિશ્ચિત કરવાની દિશામાં રાજ્ય સરકારની આ હેલ્પલાઈન ખૂબ મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી રહી હોવાનો સંતોષ મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. રાજ્ય સરકાર દ્વારા કાર્યરત મહિલાઓની સલામતી તથા ઘરેલુ હિંસાના કિસ્સાઓમાં સુરક્ષા માટે ૨૪૮૭ કાર્યરત ૧૮૧-અભયમ્ મહિલા હેલ્પલાઈનની સફળ કામગીરીને બિરદાવી, સમગ્ર કામગીરીની પ્રશંસા કરી હતી તેમજ આવી આગવી વ્યવસ્થાનો લાભ દેશનાં અન્ય રાજ્યોને પણ મળે તેવી ઈચ્છા પણ વ્યક્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે, સમગ્ર દેશમાં મહિલાઓની સુરક્ષા માટે ઘટના સ્થળે તાલીમબદ્ધ ટીમ દ્વારા ઝડપી પ્રતિસાદ પૂરો પાડવા માટે ટેક્નોલોજીસભર, જીપીએસ ટ્રેકિંગ સહિતની વ્યવસ્થા સાથે આ પ્રકારની પહેલ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે. હાલ ૧૮૧-મહિલા હેલ્પલાઈન હેઠળ કુલ ૫૯ રેસ્ક્યૂ વાનનો કાફલો મહિલા કાઉન્સેલર અને પોલીસ કોન્સ્ટેબલ સાથે ૨૪૮૭ મહિલાઓની સલામતી અને સુરક્ષાની કામગીરીમાં કાર્યાન્વિત છે. આ માટે રાજ્યમાં સૌ પ્રથમ એવી ઈન્ટિગ્રેટેડ ૧૮૧ અભયમ્ મોબાઈલ એપ્લિકેશન પણ તૈયાર કરવામાં આવી છે.

આ પ્રકારે વર્ષ ૨૦૧૪માં આ હેલ્પલાઈનના પ્રારંભથી જુલાઈ-૨૦૨૪ સુધીમાં કુલ ૧૫,૧૦,૮૯૭ કોલ્સને પ્રતિસાદ આપવામાં આવ્યો છે, જ્યારે તાકીદની પરિસ્થિતિમાં કુલ ૩,૦૩,૩૦૫થી વધારે કિસ્સામાં ઘટનાસ્થળે અભયમ્ વાન દ્વારા પીડિતાઓને સહાય પૂરી પાડવામાં આવેલ છે તેમજ ૧,૯૧,૫૨૩થી વધારે કિસ્સામાં ઘટના સ્થળ ઉપર જ સમાધાન કરી પીડિત મહિલાઓના પરિવારોને બચાવવામાં આવ્યા છે. આ તકે મંત્રીશ્રી સાથે મહિલા અને બાળ વિકાસ વિભાગના કેન્દ્રીય સચિવ શ્રીઅનિલ મલિક, અધિક સચિવશ્રી જ્ઞાનેશ ભારતી, રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવશ્રી રાકેશ શંકર, કમિશનર શ્રી રણજીત કુમાર સહિતના અધિકારીઓ-પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઢાંકી પમ્પિંગ સ્ટેશન, માળીયા-વલ્લભીપુર બ્રાંચ કેનાલ, ધોળીધજા ડેમ, ગોદાવરી પમ્પિંગ સ્ટેશનની મુલાકાત કરી કામગીરીનું જાત નિરીક્ષણ કરતા કેબિનેટ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા

કમલમ્ ન્યુઝ,સુરેન્દ્રનગર

જળસંપત્તિ અને પાણી પુરવઠા કેબિનેટ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ સુરેન્દ્રનગર જિલ્લાના SSNNL ના ઢાંકી પમ્પિંગસ્ટેશન, માળીયા-વલ્લભીપુર બ્રાંચ કેનાલ, બોટાદ બ્રાંચ કેનાલ, ધોળીધજા ડેમ, સૌની યોજનાના ગોદાવરી પમ્પિંગ સ્ટેશન અને પાણી પુરવઠા વિભાગના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ફૂલગ્રામની આજરોજ મુલાકાત કરી હતી. મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ કામગીરીનું જાત નિરીક્ષણ કરી સંલગ્ન અધિકારીશ્રીઓને જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપ્યું હતું. મંત્રીશ્રીએ ઢાંકી ખાતે ઢાંકી થી હડાળા (રાજકોટ) બલ્ક પાઈપલાઈન અને એન.સી-૩૨ પ્રોજેક્ટ પમ્પિંગ સ્ટેશન, ઢાંકી થી માળીયા બલ્ક પાઈપલાઈન અને એન.સી-૩૦ પમ્પિંગસ્ટેશન વિશે અધિકારીઓ પાસેથી જાણકારી મેળવી હતી.

ત્યારબાદ મંત્રીશ્રીએ ખમીસણા ખાતે બોટાદ બ્રાન્ચ કેનાલ અને ધોળીધજા ડેમની મુલાકાત કરી હાલની સ્થિતિની સૂક્ષ્મ સમીક્ષા કરી હતી. ભારે વરસાદના કારણે ડેમમાં પાણીની આવક સહિતની વિગતોની વિસ્તૃત માહિતી મેળવી હતી. ગોદાવરી ખાતે સૌની યોજનાના ગોદાવરી પમ્પિંગ સ્ટેશનની ચાલુ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. બાદમાં મંત્રીશ્રીએ ફૂલગ્રામ ખાતે પાણી પુરવઠા વિભાગના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત કરી હતી. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની બાકી રહેલી કામગીરીની સમીક્ષા કરી વહેલી તકે સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે અધિકારીશ્રીઓને તાકીદ કરી હતી. મંત્રીશ્રીની આ મુલાકાતમાં નાયબ મુખ્ય દંડકશ્રી જગદીશભાઈ મકવાણા, ચોટીલા ધારાસભ્યશ્રી શામજીભાઈ ચૌહાણ, વઢવાણ પ્રાંત અધિકારીશ્રી નિકુંજ ધૂળા, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી મુકુલ મહેરચંદ્રાણી, સૌની યોજના ડેપ્યુટી ઈજનેરશ્રી જી.ડી.પંચાલ, પાણી પુરવઠા કાર્યપાલક ઈજનેર શ્રી એમ.જી.ઠાકુર સહિત સ્થાનિક આગેવાનશ્રીઓ તેમજ સંબંધિત વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028